# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | પંચામૃત | તંત્રી સ્થાનેથી | ..... ૦૧ |
| ૨. | ન્યુઝ લાઇન – અહેવાલ | મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ, | ..... ૦૨ |
| | | ઉત્સવ સત્સંગ (Central Line), | ..... ૦૩ |
| | | પર્યુષણ અનુભવમાળા–Live Telecast Report 2010 | ..... ૦૪–૦૭ |
| ૩. | અનુભવનું અત્તર | પર્યુષણ પર્વમાળાના અનુભવો | ..... ૦૮, ૧૧ |
| ૪. | Divine Scientific પર્યુષણ પરિણામ અનુભવમાળા (૨૦૧૧) કાર્યક્રમ–રૂપરેખા | | ..... ૦૯–૧૦ |
| ૫. | પ્રભુવાણી | | ..... ૧૨–૧૩ |
| ૬. | જિજ્ઞાસા તમારી – જવાબ પ્રભુના | સ્વાધ્યાયી મિત્રોના મનમા ઉદ્‌ભવતા પ્રશ્નો – શંકાઓના યથા–યોગ્ય જવાબો | ..... ૧૪–૧૬ |
| ૭. | Future Vision of Param Sukh Jeevan Vikas Kendra & Activities | | ..... ૧૭–૧૮ |
| ૮. | પરમ આનંદ સત્સંગ પરિવાર – Divine CD/DVD Shoppe | | ..... ૧૯ |


## October Month Theme for Daily Practice :

**મંત્ર જાપ** : (Day 1 to 31) **ૐ હ્રીં ૐ નમો લોએસવ્વસાહુણં** (સાધુ–પદના ગુણ–જાપ Part - 2 પ્રમાણે).

**અંતર ઔચિત્ય** : (Day 1 to 15) ગમા અણગમા ના અભીપ્રાયોથી મુક્તિ. જે મળે એની સાથે કારણ વગર **"I love you"** નો વ્યવહાર (Part - 2 પ્રમાણે)

**બાહ્ય ઔચિત્ય** : (Day 16 to 31) આપણી અંદર રહેલી બળ strength, અબળ weakness, મહત્વકાંક્ષા ambitions, જરૂરીયાતો needs, તકો opportunities તથા ખતરાઓ threats નું અવલોકન કરવું. (Part - 2 માં શિખવ્યા મુજબ) Part - 2 ની CD સાંભળીને કરવું. જીવનના દરેક problem ના solutions આ ઔચિત્યમાં સમાએલા છે.

## November Month Theme for Daily Practice :

**મંત્ર જાપ** : (Day 1 to 15) આંખોની દ્રષ્ટિ સામે white banner ગોઠવી એના ઉપર લેખન '**ૐ હ્રીં ૐ નમો ઉવ્વજ્ઝાયાણં**' sky blue અક્ષરમાં લખવું. (Part - 2 માં શિખવ્યા મુજબ)

**મંત્ર જાપ** : (Day 16 to 30)
ઉપર જણાવેલ જાપ કરવો, તેમાં લેખનને બદલે વાંચન કરવું. (Part - 2 માં શિખવ્યા મુજબ)

**અંતર ઔચિત્ય** : (Day 1 to 30) પહેલા ત્રણેય અંતર ઔચિત્યના માધ્યમથી જે મળે એમની સાથે મૈત્રી–ભાવ પ્રગટ કરવો. (Part - 2 ની CD સાંભળીને પાલન કરવું)

**બાહ્ય ઔચિત્ય** : (Day 1 to 30) Part - 2 માં બતાવ્યા પ્રમાણે સમય ઔચિત્ય તૈયાર કરવું. Part - 2 ની CD સાંભળીને પાલન કરવું. જીવનના દરેક ધ્યેયો આ ઔચિત્ય દ્વારા પ્રાપ્ત થઈ શકે એમ છે.

## December month Theme for Daily Practice

**મંત્ર જાપ** : (Day 1 to 31) "ૐ હ્રીં ૐ નમો ઉવ્વજ્ઝાયાણં" નો વર્ણ–જાપ (Part-II માં સિખવ્યા મુજબ) હૃદય ચક્ર ઉપર "ૐ હ્રીં ૐ નમો ઉવ્વજ્ઝાયાણં" મંત્રનો જાપ કરવો. (Part-II માં શિખવ્યા મુજબ)

**અંતર ઔચિત્ય** : (Day 1 to 31) પહેલા ચારેય ઔચિત્યનું revision દરેક વ્યક્તિ, વસ્તુ અને પરિસ્થિતી સાથે એમનો સ્વિકાર કરૂણા ભાવથી કરવો. (માર્ગદર્શન માટે Part-II ની CD સાંભળવી)

**બાહ્ય ઔચિત્ય** : (Day 1 to 15) બળ/અબળ ઔચિત્યના 36 વિષયો ઉપર goal setting કરી, જીવનને સમય ઔચિત્ય દ્વારા દિશા આપવી.
(Day 16 to 31) પોશ્ય–પોશણ ઔચિત્ય પાલન. (માર્ગદર્શન માટેPart-II ની CD સાંભળવી)

## તંત્રી સ્થાનેથી

ભારતીય પરંપરામાં શ્રાવણ માસની ગરીમા સૌથી વધારે છે. ત્યારે વરસાદ વરસી જવાથી ધરતીમાં ઠંડક, વાતાવરણમાં શીતળતા અને ચારેબાજુ જીવોને શાંતી તથા પ્રસારે છે. ભગવાન મહાવીરે બતાવેલા 'પર્યુષણ પર્વ' એ પણ શ્રાવણ માસની દેન છે. આવા સમયે કરેલી સાધના અને આરાધનાનું ફળ અનેક ગણું મળે છે.

**'પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર'** દ્વારા આયોજિત **પ.પૂ. પંકજભાઈ**ના નેજા હેઠળ ઋતમ્ભરાના પરિસરમાં આ **'પર્યુષણ પરિણામ અનુભવમાળા'** પંચમ્ વર્ષમાં પ્રવેશ કરે છે. જ્યાં ભગવાન મહાવીરે ૨૬૦૦ વર્ષ પહેલા વર્ણવેલુ તે આજના કાળમાં modern યુગમાં પણ કઈ રીતે સંભવ છે તે અહીં આવીને અનુભવાય છે અને જીવનમાં પરિણમન થાય છે. અહીં 'શ્રી સિમંધર સ્વામી'ની સાક્ષાત હાજરી હોય છે. નવ દિવસ સુધી સમોવશરણ જેવું વાતાવરણ સર્જાઈ જાય છે. આ સમોવશરણમાં આવનારને પોતાના પ્રશ્નો પૂછવાની જરૂર પડતી નથી, વગર પૂછ્યે તેના જવાબો મળી રહે છે. આજ અરિહંત પરમાત્માની હાજરીનું evidence છે. પ્રભુની સાથે ભવોભવની પ્રિત બંધાઈ જાય છે અને ઉત્કૃષ્ટ ભાવથી આવનારને સાક્ષાત પ્રભુના દર્શન પણ થાય છે.

પ.પૂ. પંકજભાઈના મુખેથી નવ દિવસ રોજના નવથી દસ કલાક એમ સતત પ્રભુવાણીનો ધોધ વરસે છે, જેમાં કોઈપણ ભીંજાયા વગર રહી શકતુ નથી. એકવાર જે જીવ અહીંયા આવે છે તે વારંવાર આ વરસાદમાં ભીના થવાની ભાવના ભવોભવ માટે બાંધીને જાય છે. દરેક સેશનમાં એક નવું dimension ખૂલે છે. પ્રભુની દિવ્ય પરાવાણી સતત ૨૧૬ કલાક સુધી અસ્ખલીતપણે દિવસ અને રાત ચિત્તમાં રમ્યા કરે છે. ક્ષણેક્ષણમાં આપણે કર્મની નિર્જરા કઈ રીતે કરી શકીએ એનું સહજ દર્શન થાય છે. આજના કાળમાં ભરતક્ષેત્રની અંદર જીવીત તિર્થંકર પરમાત્મા મળી શકે એ અહીં આવીને જ અનુભવાય છે. અંદરનો આનંદ સતત વહ્યા કરે એવો આ મુક્તિનો રિસોર્ટ છે.

વર્ષોના વર્ષો અને ભવોના ભવો જે attachments વીચારોની ગાંઠો, મનની ગાંઠો, લાગણીની ગાંઠો, ચિત્તની ગાંઠો જે સંગ્રહિત કરી રાખી છે એમાંથી રોજ રાતના પ્રતિક્રમણ દ્વારા મુક્ત થવાય છે. ત્યાર બાદ પ્રભુજીની આરતી ઉતારી કર્મરજથી હલકા બની દરેક પનોતીનું વિસર્જન થાય છે. મંગળદિવાથી સહુના મંગલની ભાવના કરવામાં આવે છે.



આ એક મુક્તિનું પર્વ છે. આ એવી મુક્તિ છે જે પરમ મુક્તિધામ સુધી અવશ્ય પહોંચાડે છે. પ્રભુ બનવા માટે આવુ અદ્દભૂત માહોલ ક્યાંયે નહીં મળે. આ શુભ અને શુધ્ધ વાતાવરણ આપણને પ્રભુતા તરફ લઈ જાય છે. પ્રભુની લીલાને માણવા અને પ્રસાદ ચાખવા આ scientific પર્યુષણ અનુભવમાળામાં અવશ્ય પધારો.

### નમ્ર નિવેદન

**'નમો જિણાણં'** મેગેઝીનના આ અંકથી લવાજમ લેવામાં આવશે. જે શિબિરાર્થી / સત્સંગી ભાઈ–બહેનોને આ મેગેઝીન રેગ્યુલર મળે એવી ઇચ્છા હોય તો **૩ વર્ષના રૂ. ૩૦૦/–** સાથે આપના સેન્ટર સંચાલકને તમારું નામ, સરનામું તથા ફોન નંબર લખી આપવા વિનંતી. (Subscription Form to be filled & send with Amount).

જે શિબિરાર્થી / સત્સંગી ભાઈ–બહેનોના સરનામામાં સુધારો હોય કે નવું સરનામું હોય તેમને **ગેમેન્દ્ર ગાલા – 9322286566** નો સંપર્ક કરવો અથવા **gemendra@gmail.com** પર **e-mail** કરી જાણ કરવા વિનંતી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| મુલુંડ | ચૈનીકા શાહ | 98332 83911 | પાર્લા | ડિંપલ દોશી | 98331 33266 |
| માટુંગા | નીતીન બુરીચા | 98690 52507 | કાંદિવલી | અલ્પેશ શાહ | 98202 12816 |


**નમો જિણાણં**
The Science of Divine Living
(ત્રિમાસીક -પત્રિકા)

અંક : ૧૨, વર્ષ :૨૦૧૧
તા. : ૧૫, ઓગસ્ટ–૧૧
મુલ્ય : ૩૦.૦૦ રૂપિયા

મુદ્રક : **ગોગરી ઓફસેટ પ્રિંટર્સ્**
૧૧, રાજ મહલ શોપિંગ સેંટર, અંધેરી કુર્લા રોડ, તેલ્લી ગલ્લની સામે, અંધેરી (પૂર્વ), મુંબઇ – ૬૯.
ફોન : ૨૬૮૩૦૦૫૭

માલિક અને પ્રકાશક :
**પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર**
૧૬/૫૨, વેલ્ફેર વિલા, ટી. વી. ચીદમ્બરન માર્ગ, સાયન (ઇ), મુંબઈ - ૨૨.

સંપાદક : મયુરી વોરા
09757259752
E : namojinanam@gmail.com
Website : www.namojinanam.org


શુભેચ્છક :

Love makes everything beautiful.

## મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ અહેવાલ

મહાવીર બનવુ એટલે અનંત બનવું. અનંતતામાં રમણતા કરવી. આપણા જીવનમાં વસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિમાં બદલાવ આવતો નથી પણ, એજ વાતાવરણમાં રહી એજ વસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિનો સ્વિકાર કરી હર ક્ષણને enjoy કેમ કરવું? તેના માટેનું દર્શન કરવા માટે મહાવીર જન્મકલ્યાણકનું આયોજન છેલ્લા ત્રણ વર્ષથી થઈ રહ્યું છે.

આપણે હંમેશા આપણા વિચારોમાં અટકી જઈએ છીએ. અનુકુળતા અને પ્રતિકુળતામાં ખોવાઈ જઈએ છીએ. આ જીવનની અનુકુળતા અને પ્રતિકુળતાને balance કરવું એજ મહાવીર બનવાનો process છે. આ પ્રયોગથી આપણા જીવનમાં અંદરથી પ્રેમની ધારાઓ નીકળે છે જે બહારના જગતને સ્પર્શે છે. મારી પાસે કાંઈ જ નથી અને એજ દુ:ખમાં જીવન બરબાદ કરીએ છીએ. જીવનભર રડી રહ્યા છીએ. આપણે ટોચ પર ઊભા છીએ અને છતાં એમ લાગે છે મારૂ કોઈ નથી. બીજાના જીવનની યાતનાઓનું દર્શન કરવા માટે હોસ્પિટલ અને આશ્રમની મુલાકાતનું આયોજન કરવામાં આવે છે. આજના કાળમાં નરકના સ્થાનો એટલે હોસ્પિટલ, આશ્રમ, કોર્ટ, પોલીસચોકી વગેરે છે. ત્યાં રહેલા જીવોની વેદનાને હળવી બનાવવી એજ objective છે.

સાયન હોસ્પિટલના પ્રાંગણમાં સૌ ૨.૩૦ વાગ્યે ભેગા થયા હતા. લગભગ ૧૫૦ જણાએ આનો લાભ લીધો હતો. સૌ પ્રથમ પ.પૂ. પંકજભાઈએ સૌને આ પ્રયોગની છણાવટ આપી હતી. તે શા માટે છે? કઈ રીતે કરવાનું છે તેનું brief કર્યું હતું. પાંચ leader ની નીચે ૨૫ થી ૩૦ જણાની ટીમ બનાવી અને દરેકને એક વોર્ડમાં આ રીતે પાંચ વોર્ડને કવર કર્યા. હોસ્પિટલમાં દર્દી પાસે જઈ પાંચથી દસ મિનીટ તેમની સાથે ઘરના સદસ્ય બની સાથે ગુજારી હતી. સાથે લાવેલ ફ્રુટ પણ ભાવપૂર્વક આપ્યા હતા. એ જીવો પોતે યાતના ભોગવી રહ્યા હતા. આપણું ભાગ્ય એ જીવો સાથે share કરવાનો ધ્યેય હતો. સૌ પ્રથમ નમો જિણાણં કહી તેમની સાથે પ્રેમપૂર્વક વાતચીત કરી હતી. ત્યારબાદ વોર્ડમાં વચ્ચે જમીન પર બેસી નવકારમંત્ર, ગાયત્રીમંત્ર, નમો જિણાણં જીઅ ભયાણં, ઓમ નમ: શિવાયની ધૂન વગાડી એ જગ્યાને પવીત્ર બનાવી હતી. આ સૃષ્ટિમાં સહુ જીવો માટે શાંતી અને શાતા મળે તેવા મંગલ ભાવનાના પરમાણુઓ ફેલાવ્યા હતા. સૌ નીચે આવી આખી હોસ્પિટલની નમો જિણાણં, જીઅ ભયાણંની ધૂનથી ભાવફેરી કરી હતી.

સત્સંગીઓના સદ્‌ભાવથી નાસ્તો તથા Fruit Juice ની લજ્જત માણી હતી. સૌના દિલમાં એક જ વાત રમતી હતી. How much lucky am I? જેમના દિલમાં કંઈક આપવાની અને પામવાની તમન્ના હતી તેવી વીશાળતા, કરૂણાવાળા જીવો આ લાભ લઈ શક્યા હતા. પ્રભુની કૃપાથી સૌને સમજાઈ ગયુ હતુ કે we are happy with our family, friends, neighbours, elders.

પછી અમો ''સેલ્વેશન બાલિકા આશ્રમ''માં ગયા જે માનવ સેવા (સાયન)ની સામેજ છે. જ્યાં ગયા ત્યારે તો એમજ કે શું કરવાનું હશે? એવા વિચારોમાં ગયેલા પણ ત્યાં ગયા પછી બધી બાળાઓ લાઈનથી ૪ વર્ષથી લઈને ૨૫ વર્ષ સુધીની બાલિકાઓ હોલમાં ગોઠવાઈ ગઈ. એમની સામે એક-એકની સામે અમને પણ લાઈનમાં બેસી જવાની સૂચના મળી પછી બધાને એકબીજા સાથે જે સામે હોય એની સાથે ''નમો જીણાણં'' બોલીને ૭ થી ૧૦ મીનીટ વાતો કરવાની હતી જેનો અદ્‌ભૂત અનુભવ મળ્યો કે કેવા-કેવા ગામડાંઓથી ગરીબ કન્યાઓ કોઈનો બાપ નથી, કોઈની મા નથી તો કોઈના તો મા-બાપ બન્ને નથી છતાં અહીં કેવા આનંદથી પોતપોતાના સ્વપ્ના સંજોગવા આવેલ હતી. બધાના આગળ વધવાના ભાવોમાં જે એમનામાં અતૂટ શ્રધ્ધા હતી, પૂર્ણપણે પ્રભુમાં વિશ્વાસ હતો એ એમની અંદરની નિડરતા ઉભરી આવતી હતી. કેટલો એમનો જીવન ઉજાસ, ઉમંગમય હતો. પછી બધાએ મળીને જે પ્રાર્થનારૂપી તાળીઓથી વગર વાજીંત્રોના જે લય અને સૂર મળતો તેનો અનુભવ તો દિલના તાર-તારને આનંદ હર્ષથી ભરી દેતો અને એમના ગીતોમાં જે શબ્દો હતા તે તો અવર્ણનીય હતા.

સૌ કોઈએ વિશાળ હૃદયથી આ કાર્ય માટે donation આપ્યું હતુ.

આ વર્ષે રોકડ collection ચાર લાખ અને પચીસ હજાર તથા બીજી વસ્તુઓ મળેલ છે, એની વિગત નીચે મુજબ છે.

Donor : ₹ 25,000 - એક સદ્‌ગૃહસ્થ તરફથી (High Value Medicine માટે) આપેલ છે. આમની સાથે બીજા ઘણા જોડાયા છે. એક સદ્‌ગૃહસ્થે - ₹ 15,000, 3 સદ્‌ગૃહસ્થે - ₹ 11,000, 3 સદ્‌ગૃહસ્થે - ₹ 10,000, 12 સદ્‌ગૃહસ્થે - ₹ 5,000 આપેલ છે. આમ અન્ય રોકડ રકમ ઉદાર દિલે સૌએ અર્પણ કરી હતી.

52 nos. I.V. Stand - એક સદ્‌ગૃહસ્થ તરફથી, Wheel Chairs - 5 નંગ ડો. નરેન્દ્ર શાહ, બીપીન શાહ - 1 નંગ, ભેરવીબેન - 1 નંગ, રસીલાબેન, પ્રવીણાબેન, સંગીતાબેન, અંજલીબેન તરફથી 1 નંગ Wheel Chair આપવામાં આવી હતી. 35 કીલો ચા - મહાવીર સ્ટોર્સ (માટુંગા) તરફથી, ટોનીકનો બોટલનો કાર્ટુન - જયંત વોરા તરફથી, કપડા ધોવાનો સાબુ 150 નંગ, નાહવાનો સાબુ 150 નંગ - જેન્તીલાલ સાવલા તરફથી, બિસ્કીટ 90 પેકેટ, ચોકલેટ 90 નંગ - ઝવેરબેન ડુંગરશી વોરા તરફથી, 150 નંગ ટુથબ્રશ - પંકજભાઈ શાહ તરફથી, ફ્રુટસ - ચીનુભાઈ શાહ, દિવ્યા મહિલા મંડળ તરફથી આપવામાં આવ્યું હતું.

આશ્રમ તથા હોસ્પિટલની જરૂરીયાત પ્રમાણે આ રોકડ રકમ ત્થા સામગ્રી સૌને વહેંચવામાં આવી હતી. Sunday friends નામની સંસ્થા સાયનમાં છે જે ચોવીસ કલાક હોસ્પિટલમાં સેવા આપે છે. આ સંસ્થા High Value Medicine free માં આપે છે ત્થા મોટા ઓપરેશન માટે સહાય કરે છે. આ સંસ્થાને આપણા collection માંથી ₹ 50,000 નું ડોનેશન આપવામાં આવ્યું હતું. 'આવો મારી સાથે' નામની સંસ્થા જેઓ મહાવીર સ્વામીનો જન્મ થયો એ જગ્યાએ ત્યાંની વસ્તિને સહાય કરે છે. ત્થા મહાવીરના જન્મ નિમિત્તે ત્યાં

નેત્રયજ્ઞ વગેરે પણ કરે છે. ગામડાગામમાં Eye Camp નું આયોજન પણ કરે છે તે સંસ્થાને ₹ 5,000 નું ડોનેશન આપવામાં આવ્યું હતું.

### સ્નેહજ્યોતી અંધ વિદ્યાલય (રાયગઢ)

રત્નાગિરી જિલ્લામાં રાયગઢ ગામમાં 'સ્નેહજ્યોતી અંધ વિદ્યાલય' આશ્રમ છે. ત્યાં પૂ. પંકજભાઈ, નીતીનભાઈ ત્થા આશીષભાઈ સર્વે કરવા ગયા હતા. આખો દિવસ એ અંધ બાળકો સાથે પસાર કર્યો હતો. ત્યાં 32 છોકરાઓ છે. તેમની જરૂરિયાત પ્રમાણેની વસ્તુઓ Donate કરવામાં આવી હતી તે નીચે મુજબ છે. ઘઉં 100 કીલો, ચોખા 200 કીલો, વાલની દાળ – 5 કીલો, સાકર – 50 કીલો, મોગરદાળ – 10 કીલો, મસૂર – 10 કીલો, મગ – 10 કીલો, ચણા – 10 કીલો, ચણા દાળ – 3 કીલો, સફેદ વટાણા – 5 કીલો, ગ્રીન વટાણા – 5 કીલો, ગ્રીન ચણા – 5 કીલો, મસૂર – 5 કીલો, મઠ – 5 કીલો, રીન પાવડર – 12 કીલો, પેન્સીલ સેલ – 10 નંગ, । – 17 કીલો, સીંગતેલ – 15 કીલો, શેમ્પુ – 15 બાટલી, કપડાંનો સાબુ – 60 નંગ, નાહવાના ગોટા – 60 નંગ, ટુથબ્રશ – 36 નંગ, નેપકીન – 15 નંગ, ટુથપેસ્ટ – 15, Hair Oil – 18 નંગ, ટેલ્કમ પાવડર – 25 ડબ્બા, મોટી સ્ટીલની થાળી – 7 નંગ, બેડશીટ – 12 નંગ, Electric તંબુરો – 1, Stabiliser - 5 KVA – 2 Nos. આ પ્રમાણેનું ડોનેશન આપવામાં આવ્યું હતું.

### શ્રધ્ધાનંદ મહિલાશ્રમ

શ્રદ્ધાનંદ મહિલાશ્રમ જે સાયનમાં છે ત્યાં પણ તેમની જરૂરિયાતને અનુલક્ષીને સામાન આપવામાં આવ્યો હતો. ત્યાં 286 છોકરીઓનો સમાવેશ છે. ગ્રીન વટાણા – 10 કીલો, મસુર – 20 કીલો, મસૂરદાળ – 20 કીલો, લોટ – 200 કીલો, રવો – 25 કીલો, ઇડલી રવો – 25 કીલો, લાપસી – 10 કીલો, પ્યોર ઘી – 10 કીલો, સીંગતેલ – 30 કીલો, મમરાના 36 પેકેટ, દૂધનો પાવડર લેક્ટોજન નં. 1 ના 24 ડબ્બા, ટુથબ્રશ – 36 નંગ, ચા – 10 કીલો, Murphy Richards Mixture Grinder - 1 નંગ, ઘઉં – 100 કીલો, ચોખા – 150 કીલો, મોટા ડાઈપર્સના 10 પેકેટ, મોટા રમવાના બોલ 6 નંગ, આ પ્રમાણેની વસ્તુનું Donation આપવામાં આવ્યું હતું.

### Salvation Army

આ આશ્રમ સાયનમાં આવેલ છે જ્યાં લગભગ 90 છોકરીઓનો સમાવેશ છે. અહીં પરમ સુખ જીવન વિકાસ કેન્દ્રના સત્સંગીઓ, શિબીરાર્થીઓ ત્થા અન્ય આવેલ મહેમાનો સૌ સાથે મળીને ગયા હતા. ત્યાં સૌએ ભાવપૂર્વક નાની–મોટી બાલિકાઓને કેરીનો રસ પીવડાવ્યો હતો. આ આશ્રમની જરૂરીયાતની વસ્તુઓ જેવી કે ટોનીકની બાટલી, ચા – 10 કીલો ત્થા એક Kit આપવામાં આવી હતી. જેમાં ટુથબ્રશ, ટુથપેસ્ટ, Hair Oil, શેમ્પુ, ટેલ્કમ પાવડર, વોશીંગ શોપ, બાથ શોપ, નેપકીન, ફરસાણ, ચેવડો, બીસ્કીટ ત્થા ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### સાયન હોસ્પિટલ

સાયન હોસ્પિટલમાં ICU Bed – 2 નંગ, Strecher Trolley with IV Stand – ૨ નંગ, I.V. Stand – 52 નંગ, Wheel Chair – 4 નંગ, પ્લાસ્ટીક ટેબલ – 1 નંગ, પ્લાસ્ટીક સ્ટુલ – 50 નંગ, એ સામગ્રીઓ Donate કરવામાં આવી હતી. જેમાં તેમની જરૂરીયાત પ્રમાણે 4 વ્હીલ ચેરના બદલે Strecher Trolley આપી હતી. 300 પેશન્ટને ફ્રૂટસ (3 મોસંબી તથા 1 સફરજન) એ રીતે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ project ની તૈયારીઓ લગભગ એક મહીના અગાઉથીજ ચાલુ હતી. તેના main leader શ્રી નીતીનભાઈ બુરીચા હતા. અને તેમના સહાયક નેમજીભાઈ શાહ, સુરેશ વોરા, શ્રીપાલભાઈ, અતુલ મારૂ, મયુર વોરા, આશીષ શાહ, હેમંત ગાલા અને અન્ય સત્સંગીઓના સાથસહકારથી આ મહાવીર જન્મ કલ્યાણકનો project સુંદર રીતે પાર પડ્યો હતો.

પ્રભુ સૌને આ રીતે વધારે ને વધારે શક્તિ આપતા રહે. આપ સૌના સાથ થકી આ collection દર વર્ષે વધતું રહે. અને હું પણ આનંદમાં અને આખું જગત પણ આનંદમય બની રહે એજ પ્રભુને પ્રાર્થના.

## ઉત્સવ સત્સંગ (Central Line)

તા. ૧૧–૬–૨૦૧૧ શનિવારના સાંજે ૬.૩૦ કલાકે મુલુંડ – કાલિદાસ આર્ટગેલેરી મધે પ્રથમ 'ઉત્સવ સત્સંગ'નું આયોજન કરવામાં આવ્યુ હતું. આપણા આયોજનમાં પ્રકૃતિ પણ કૃપા વરસાવી રહી હતી.

ઉત્સવ સત્સંગનો મુખ્ય ધ્યેય હતો આનંદ, ઉત્સવ, ઉમંગ ને જીવનમાં વણવાનો અને વહેંચવાનો. જે સત્સંગી ભાઈ–બહેનના જન્મ/લગ્ન દિવસ જૂન મહિનામાં આવતા હતા તેમને પરિવાર–મિત્ર સાથે આમંત્રણ આપવામાં આવ્યા હતા. શીતલ વોરા, ભરતભાઈ, જયેશભાઈ, રમેશ સાવલા – હર્ષ અને ઊમંગથી 'ઊત્સવી સત્સંગી' બનીને બધા લોકોના હૃદયમાં રહેલ આનંદ, હર્ષને વ્યક્ત કરવા માટે નિમિત્ત બન્યા હતા.

આ અનેરા ઉત્સવ સત્સંગમાં ડોંબિવલીથી, ઘાટકોપરથી સત્સંગીઓ પધાર્યા હતા. તે દિવસે અતિવૃષ્ટી હોવા છતા ૩૦ થી ૩૫ જણા હાજર રહીને આ ઉત્સવને ઊજવ્યો હતો.

શરૂઆતના એક કલાકના સત્સંગ session માં ''ભગવદ્દ ગીતા – આજના સંદર્ભમાં'' વિષય પર પંકજભાઈએ પ્રકાશ પાડ્યો હતો. હજારો વર્ષો પહેલા લખાયેલુ 'મહાભારત' આજે વર્તમાન સંજોગ – સમયમાં એટલું જ યથાર્થ પુરવાર થઈ રહ્યું છે. જે સમસ્યાઓ – problems, issues ત્યારે હતા એ આજે પણ છે. ત્યારે જે ઉપાય, ઉકેલ (solutions) સૂચવવામાં આવ્યા હતા, તેને આજના સંદર્ભમાં કઈ રીતે મૂકી શકાય – તેના પર ખૂબજ ચિંતનાત્મક છણાવટ પંકજભાઈએ કરી હતી. 'મહાભારત' એ સત્યઘટના પર આધારિત ગ્રંથ છે કે છાયાચિત્ર છે? વેદ વ્યાસે, ગ્રંથના શરૂઆતમાં જ કહ્યું છે કે આ એક છાયાચિત્ર છે. અહીં પંકજભાઈએ પ્રકાશ કર્યો કે મહાભારત ને પકડીને બેસવાનું નથી

શુભેચ્છક : Reach our goal before goal kicks us.

એના મોહમાંથી બહાર આવવાનું છે. Projector થી screen પર ચાલતુ છાયાચિત્ર તરીકે જોવાનું છે, જે રીયલ નથી. અહીં પંકજભાઈએ જગત જોવાનો નવો દ્રષ્ટિકોણ સમજાવ્યો. ખૂબજ ચિંતનાત્મક અને અર્થસભર સત્સંગ session રહ્યું હતું.

બીજા ઉત્સવ session માં સર્વ 'ઉત્સવ સત્સંગીઓએ' દિપક પ્રગટાવી, કેકની મીઠાશ વહેંચી પોતાના લગ્ન/જન્મ દિવસની ઉજવણી કરી. અહીં પંકજભાઈએ સમજાવ્યું કે દરરોજ આપણો નવો જન્મ થાય છે. આવો જ હર્ષ, આનંદ, ઉલ્લાસ દરરોજ માણવો જોઈએ.

છેલ્લે ગૌતમ પ્રસાદી આરોગી, મસ્ત ગરમ જીરાળુ પીણુ પીને પ્રસંગનો આનંદ અને એક નવો દ્રષ્ટિકોણ લઈને સર્વ છુટા પડ્યા.

## પર્યુષણ અનુભવમાળા
## Live Telecast Report 2010

શ્રી. સિમંદર સ્વામીની સાક્ષાત હાજરીમાં થયેલ Divine scientific પર્યુષણ અનુભવમાળા ઋતમ્ભરા કોલેજ તા. ૪-૯-૨૦૧૦ થી ૧૨-૯-૨૦૧૦ ૯ દિવસ સુધી સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી, બીજું સેશન ૨.૩૦ થી ૫.૩૦ સુધી, રોજ ત્રીજુ સેશન રાત્રે ૭ થી ૧૦ વાગ્યા સુધીનું રહેતું, જેમાં સમજણપૂર્વક સંગીત સાથે ગુજરાતીમાં પ્રતિક્રમણ તથા આરતી થતી હતી.

આ ભવ્ય આયોજન પ.પૂ. **'પંકજભાઈ શેઠ'** ના સાનિધ્યમાં અને નેતૃત્વ દ્વારા **શ્રેષ્ઠીવર્ય કિશોરભાઈ સંઘવી**ના પીઠબળથી પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર દ્વારા આયોજીત **બિન સાંપ્રદાયીક પર્યુષણ** ૯ દિવસના ચોથા વર્ષમાં પદાપર્ણ કરતા થયા હતા. તેનો અહેવાલ આ મુજબ છે. આ પર્યુષણ અનુભવમાળાનું ઉદ્દઘાટન **શ્રીમતી માલીનીબેન** અને **શ્રીયુત કિશોરભાઈ સંઘવી**એ દીપ પ્રગટીકરણથી કર્યું હતું. સ્ટેજ ઉપર અરિહંત પરમાત્માની પ્રતીમા પધરાવવામાં આવી હતી. તેમાં શ્રી. સિમંદર સ્વામીનું આહ્વાન કરીને તેમની પ્રાણ પ્રતિષ્ઠા ૯ દિવસ પૂરતી કરવામાં આવેલ હતી. તે ક્ષણથી એમની હાજરીનો દિવ્ય અનુભવની શરૂઆત થઈ ચૂકી હતી. જેમ જેમ સેશનો પસાર થતા જતા હતા તેમ તેમના સ્વરૂપ બદલાતા જતા હતા. તે ફોટાઓ દ્વારા સમજી શકાય છે. જે આ વાતાવરણમાં હાજર હતા તેમને દિવ્ય અનુભવ થતો હતો અને તેમના પ્રશ્નોના વણપુછયે જવાબ મળતા હતા. આવો અદ્ભૂત પરચો આ અનુભવમાળામાં શ્રી સિમંદર સ્વામીનો થયો હતો.

૯ દિવસ આ પર્યુષણનો લાભ લઈ શકે તે માટે બોરીવલી, સાયન, મુલુંડથી બસનું આયોજન કરવામાં આવ્યું હતુ. સવારના ૮ વાગે બસ નીકળી ૯.૩૦ કલાકે પરિસરમાં પહોંચાડતી અને રાત્રે ૧૦ કલાકે કાર્યક્રમ પૂરો થતા બધા ભક્તજનોને ઘરે પહોંચાડતી હતી. લગભગ રોજની ૨૫૦ જણાની હાજરી રહેતી હતી. મહાવીર જન્મ કલ્યાણક, પહેલા અને છેલ્લા બે દિવસ લગભગ ૪૦૦ જણાની હાજરી હતી. એ રીતે અદ્ભૂત રીતે પર્યુષણ પસાર થયા હતા. કુલ ૩૦૦૦ જણાએ ૯ દિવસમાં ભાગ લીધો હતો. એકાસણા, બેસણા, ચૌવિહાર તથા ભોજનની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી.

પહેલા સેશનની અદ્ભૂતતા એ હતી કે પહેલા સેશનમાં ૯ દિવસ ટકવા માટેનો અદ્ભૂત રસ ઉભો થયો હતો કારણકે એને રિસોર્ટ રૂપે બતાવવામાં આવ્યો હતો અને પ્રભુની હાજરી એટલી અદ્ભૂત હતી કે ખરેખર ૯ દિવસ માટે જો પ્રભુએ આપણા જીવન માટે હીત અને કલ્યાણ માટે કરેલું હોય તો તે Day to Day life માટેનું આવું આયોજન કર્યું હોય તો અવશ્ય આમાં લાભ લેવો એવા ભાવ સૌની અંદર જાગ્યા હતા. ઉત્તરોઉત્તર તેમના ભાવ વધતા ગયા હતા એક-એક સેશન શૃંખલા બધ્ધ હતા.

પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર દ્વારા અદ્ભૂત આનંદ ઉત્સવ, આજથી ૨૬૦૦ વર્ષ પહેલા મહાવીર સ્વામી ભગવાને કલ્પસૂત્ર પ્રમાણે એક દિવસના પર્યુષણ થતા હતા અને એની અંદર આખા જગતને જીવનની અંદર આનંદ કેમ મેળવવો એનું દર્શન એક દિવસમાં કરાવ્યું હતું. આજના કાળ પ્રમાણે આજ વસ્તુ આપણને શીખતા સમય લાગે છે. કારણકે આપણી અંદર જાતજાતની ગ્રંથીઓ બંધાયેલી છે. અભિપ્રાયો, Opinions, વિચારોની ગાંઠો, લાગણીઓની ગાંઠો જબરજસ્ત ગોઠવાયેલી છે. અને કાળની વિકરાળતાને જોતા મહાવીર સ્વામી ભગવાનની પરંપરાની અંદર આચાર્ય ભગવંતોએ આ ઉત્સવ આઠ અને દસ દિવસનો બનાવ્યો છે.

૨૦૧૦ ની અનુભવમાળા આપણે નવ દિવસની માણી હતી. એની અંદર મૂળભૂત ભાવ એ હતો કે અરિહંત પરમાત્માના માર્ગની અંદર આપણે કેવી રીતે જીવનને ક્ષણેક્ષણમાં બનાવી શકીએ. ક્ષણ ક્ષણમાં કર્મની નિર્જરા થઈ શકે. શું આ કાળમાં એ સંભવ છે? શું ખરેખર આ વાત વાહીયાત છે? કે વાસ્તવીક છે? એનો અનુભવ કરવા માટે અપૂર્વ અવસર ઉભો કરેલો **''શ્રીયુત શ્રીમદ્ શ્રી કિશોર ભીમજી સંઘવી''** જે મહાપુરૂષ છે કારણકે આ કાળમાં આવી જાતના પર્યુષણના આયોજન માટે એમને જે હામી ભરી છે અને એમનું પીઠબળ જે એમણે આપ્યું છે એનાથી આવા ઉત્સવો આજે પણ મહાવીરનો માર્ગ જીવંત કરી શકવાની સંભાવના બની છે. ઋતુમ્ભરાના પરીસરની અંદર ખરેખર ઋતુમ્ભરા અવસ્થા આપણા ચિત્તમાં કેવી રીતે પ્રગટ થાય? ઋતુમ્ભરા અવસ્થા એટલે શું? ઋતુમ્ભરા અવસ્થા એટલે આનંદની ચરમસીમા અને આ આનંદની ચરમસીમા માણવા માટે ઋતુમ્ભરા પરીસરની અંદર 'શ્રીયુત કિશોરભાઈ સંઘવી' અને 'શ્રીમતી માલીનીબેન કિશોરભાઈ સંઘવી' એમના નેતૃત્વ હેઠળ આ આયોજન દર વર્ષે કરવામાં આવે છે. આ ચોથુ આયોજન છે. અને પ્રભુ મહાવીરનો માર્ગ આ કાળની અંદર કેવો જ્વલંત છે એનું નિરૂપણ આપ સૌએ જોયુ. અને એ કેવી રીતે ખરેખર એક-એક પક્ષમાં ઉજવવામાં આવે છે એનો પહેલે દિવસથી લઈને નવે-નવ દિવસનો અહેવાલ આપ ધ્યાનપૂર્વક વાંચજો, સાંભળજો અને Video CD/DVD દ્વારા એને જોજો અને માણજો.

ખરેખર આપણે જો રોજ જીવનમાં પર્યુષણને લાવવુ હોય અને રોજ આનંદ ઉત્સવ બનાવવો હોય, જીવનની નાની ત્થા મોટી ગાંઠોમાંથી મુક્ત થવું હોય તો આ આનંદ ઉત્સવ નવ દિવસની

practice કરવા જેવી છે. ઓછામાં ઓછા નવ દિવસ આ કાળમાં જરૂરી છે. આની અંદર રહેવા માટે જેથી કરીને કમસે કમ એના બીજ રોપાઈ જશે. નિર્જરા ભાવની અંદર, મુક્ત ભાવની અંદર, મોક્ષ ભાવની અંદર કેવી રીતે આ કાળમાં રહી શકાય એનો practical અનુભવ, વાસ્તવિક અનુભવ કરી શકાય એવી આ આયોજનમાળા છે. અને આનો અહેવાલ આ મુજબ છે તે આપ સૌ વાંચશો, માણશો, ઉજવશો અને વારંઘડીએ આવતા રહેશો. કર્મનો ઉદય ગમે તે હોઈ શકે ચડ અને ઉતર હંમેશા જીવનમાં થયા કરે, પહાડ અને ખીણો નદીના રસ્તામાં જે રીતે આવે છે તેમ આપણા જીવનમાં તડકા અને છાયા આવ્યા જ કરે છે. દરેક ચડાવમાં આપણે શાંત રહીએ, ઉતરાણમાં પણ શાંત રહીએ, શાંત તો થશું પણ અંદરનો આનંદ સતત વહ્યા કરે એ ઉત્સવ ઉભો કરવા માટેનો આ પ્રયોગ છે અને આ પ્રયોગમાં આપ સૌ જોડાવ એવી અભિલાષા છે. જેનો અહેવાલ આ મુજબ છે.

પ્રથમ દિવસે પર્યુષણનો વાસ્તવિક ઈતિહાસ શું છે ? પર્યુષણ શા માટે આયોજીત થાય છે? અને એ આચાર્ય ભગવંતોના હૃદયમંડપની અંદર તિર્થંકરનો માર્ગ જીવંત રહે અને જ્વલંત રહે તેના માટેના આ ભાવ હોવાથી આ નવ દિવસના વાસ્તવિક પર્યુષણ ''શ્રીયુત પંકજભાઈ'એ ઉભા કર્યા છે. તેના પહેલા દિવસે આખો ઈતિહાસ પર્યુષણ શા માટે અને કેવી રીતે છે? એની સમજણ આપવામાં આવી હતી. એ શરૂઆતનું શેસન હતું. ત્યાર બાદ બીજા શેસનની અંદર આનંદ ઉત્સવ કરવાની છ પ્રક્રિયાઓ અને છ Scientific Process ભગવાને આપી છે. શાસ્ત્રીય શબ્દોમાં એને છ આવશ્યક કહી શકાય. પણ આજના સંદર્ભમાં કે આજના જીવનમાં એ છ Scientific Process હરક્ષણે કઈ રીતે ઉભા થાય? એનો Practical અનુભવ બીજા સત્રમાં પહેલા સમજાયો. ત્યાર બાદ માણ્યો. એ રીતે બીજુ શેસન પુરૂ થયુ. ત્યારબાદ ત્રીજા શેસનની અંદર પહેલા દિવસથી લઈ અને નવમા દિવસ સુધી ગાંઠોનું વિસર્જન. મનની ગાંઠો, ચિત્તની ગાંઠો, લાગણીની ગાંઠો, વિચારોની ગાંઠો એનું વિસર્જન scientifically કેવી રીતે થાય? એ મહાવીર ભગવાને પ્રતિક્રમણના process ની અંદર સમજાવ્યું છે અને કરાવ્યું છે. અને બીલકુલ એજ રીતે આ નવે-નવ દિવસ રોજના પ્રતિક્રમણ કર્યા પહેલા સમજણ લીધી અને ત્યારબાદ ચિત્ત સ્નાનની પ્રક્રિયાઓ કરી. જે ભવિક લોકો નવા જનરેશનવાળા આવ્યા હતા, old જનરેશનવાળા સ્ત્રીઓ, પુરૂષો, બાળકો જે કોઈ પણ આવતા હતા એમને અંદરથી અવર્ણનીય આનંદનો સ્પર્શ થયો. આખા process બાદ હલકા થઈ ગયા. એમ લાગ્યું કે આખા process બાદ આખા જીવનનો ભાર માથાથી ઉતરી ગયો એવા અનુભવ, સંસ્મરણો થયા. ત્યારબાદ રોજ રાત્રે ભગવાનની આરતી ઉતારવામાં આવતી હતી. એ આરતીના process ની અંદર પણ આપણા કર્મરજથી આપણે કેવી રીતે હલકા બનવું અને કર્મરૂપી પનોતીનું વિસર્જન કેવી રીતે કરવું અને ત્યારબાદ સૌનું મંગલ થાવ એવી ભાવનાથી મંગળ દિવો. એ બધી ભાવનાઓ જોતા એવું લાગ્યું કે મારા હૃદય મંડપમાં, મારા ઘરમાં, મારા પરીવારમાં, મારી આસપાસ ચારેબાજુ મંલ મંગલ થઈ રહ્યું હોય એવો ભાસ શરૂ થઈ ગયો.

ખરેખર, આવા પર્યુષણ આ કાળમાં આ રીતે એવું લાગ્યું જાણે મહાવીર ભગવાનના સમોસરણમાં આવીને આપણે આ નવ દિવસ પસાર કર્યા હોય એવો અનુભવ થવા માંડ્યો. ત્યારે સમજાવા માંડ્યું કે ખરેખર મહાવીર ભગવાને જેને આપણે તપ કહીએ છીએ તે આનંદરૂપી અવસ્થામાં તપ કઈ રીતે થઈ જતુ હશે તેનો first hand અનુભવ કર્યો. આખો દિવસ રહેવા છતા બિલકુલ થાક નહી એનાથી ઉલ્ટુ અંદરનો ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસ દસગણો વધી ગયો. ઉંઘવાની જરૂરત ન લાગી, ખાવા-પીવાનું ભાન જ ન રહ્યું. એ જાતનું અંદરથી સંપસ્પર્શન થવા લાગ્યુ એ મારા જીવનનો જબરજસ્ત ચમત્કાર છે. જે લોકો આવ્યા હતા એ સૌને એ રીતનો અનુભવ થવા લાગ્યો. જીવનમાં ક્યારે પણ એક કલાક ન બેસી શકતા હોય એ દસ-દસ કલાક એક જ જગ્યા પર રહી અને કાઢ્યા એજ મોટું ભગવાનના અંદરનું સ્વરૂપ છે.

ત્યારબાદ બીજે દિવસે ભક્તિનું સ્વરૂપ : અરીહંત પરમાત્માએ પોતાના માર્ગની અંદર ભક્તિનું સ્વરૂપ કઈ રીતે બતાવ્યું છે. ભક્તિ એટલે સમર્પણ ભાવ. નમન, શરૂણ અને સમર્પણ ભાવ આપણા જીવનમાં કેવી રીતે પ્રગટ થાય. જીવનની જે કોઈ પણ જરૂરીયાતો છે, લક્ષો છે, ધ્યેયો છે એ સર્વેને વગર મહેનતે કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ એની આખી formula સમજી. વૈષ્ણવ પરંપરા, શૈવીક પરંપરા, અદ્વેત પરંપરાથી માંડી અને જિન પરંપરાની અંદર આ કેવી રીતે ભક્તિ યોગની ગોઠવણ છે અને દરેક ભક્તિ યોગની અંદર શું સામંજસ્ય છે અને શું વિવિધતા છે, તે સમજી, જાણી અને માણી. અને એ દિવસે ખ્યાલ આવ્યો કે આ ભક્તિ યોગ આજના કાળની અંદર ક્ષણેક્ષણની અંદર આનંદ કેવી રીતે પ્રગટાવી શકે. ભક્તિ યોગની અંદર રહેલા મોબાઈલ સામાયિક અને પ્રતિક્રમણ બે શબ્દોની અંદર કેવી રીતે ઉભા થઈ શકે છે. 'નમો જિણાણં' અને 'જિઅ ભયાણં' આ બે શબ્દો નહીં પણ મંત્રોરૂપે છે. આની અંદર બધા યોગ કેવી રીતે આવે. કર્મ યોગ, જ્ઞાન યોગ, ક્રિયા યોગ અને વિશેષ કરીને બીજે દિવસે આ ભક્તિ યોગનો રસ માણ્યો, તિર્થંકર પરમાત્માની વાણી માણી. ભક્તિ યોગ દ્વારા આ એક અદ્દભૂત અનુભવ હતો. આ એક પ્રવચન સાંભળવાનો લહાવો નહિ પણ ! આત્મિક અનુભવ સંસ્પર્શ થયો એવું તે દિવસે લાગ્યુ.

ત્રીજે દિવસે તપની જે સમજણો હતી તેનો ખુલાસો મળ્યો. તેની અંદર અદ્દભુતતા લાગી. અત્યાર સુધી આટલા વર્ષોથી ખોવાયેલા હતા કે ન ખાવું, ન પીવું, શરીરને કષ્ટ આપવું, ત્યાગ સ્વરૂપે વસ્તુને, વ્યક્તિને છોડવું માત્ર એટલી સમજ હતી, જે અધૂરી હતી. પણ ભક્તિ યોગ અને તપ યોગ જે મહાવીર પરમાત્માએ બતાવ્યો છે. છ પગથીયા આંતર અને બાહ્ય તપના જે છ પગથીયા છે તેની અંદર જે આનંદની લહેરીઓ છે એક-એક step થી લઈને, મહાવીરના તપ યોગની અંદર તિર્થંકર પરમાત્મા મહાવીરે આ જગતના બધા યોગો આ તપ યોગની અંદર કેવી રીતે સામીલ કરી દીધા છે. જેમ શરૂઆતમાં આંતર તપ યોગની અંદર વિનય અને

શુભેચ્છક : **Tears are better than smile bcoz smile is given to everyone but tears are share with whom we like most.**

વૈયાવચ્છ એ ભક્તિ યોગ છે. ત્યાર બાદ પ્રાયશ્ચીત અને સ્વાધ્યાય એ તપ યોગનો second stage છે જેનું નામ છે કર્મ યોગ. ત્રીજુ છે ચરમસીમા. જ્ઞાન યોગ, કાર્યોત્સર્ગ અને ધ્યાન આ ત્રણ stage ની અંદર કેવી રીતે દરેક જીવનના, વ્યવહારના, વ્યક્તિના, વસ્તુના, પરિસ્થિતના solution આ તપ યોગની અંદર ગોઠવવામાં આવ્યા છે એની ઝલક જોઈ એ જોઈને દિગ્મૂઢ થઈ જવાય કે આ તો સનાતન છે. કોઈપણ કાળમાં કોઈને પણ માટે કોઈપણ સંપ્રદાય હોય, કોઈપણ વિચારધારા હોય સર્વને આ તપ યોગ લાગુ પડે છે, જીવનમાં ઉપયોગી થાય છે અને જીવનને આનંદમય બનાવી શકાય એવો આ તપ યોગ છે. અત્યાર સુધી તપ એટલે તપવું, તપ એટલે ભૂખ્યા રહેવું એ જાતની સમજમાંથી નીકળી અને આ આનંદ યોગ અને જ્ઞાન યોગની ચરમસીમા જ્યારે સમજાણી અને અનુભવાણી ત્યારે ધન્ય ધન્ય અને કૃતાર્થતાનો અનુભવ કર્યો.

ત્યાર પછી બપોરના સત્રની અંદર તિર્થંકર પરમાત્માનું જીવન અને કવન એમની છ અવસ્થા જોઈ, એ પણ માનવ હતા, આપણે પણ માનવ છીએ એના અને આપણા જીવનમાં જે ભેદ છે એ કેવી રીતે ભેદ છે અને રસ્તો કેવી રીતે છે એ અરિહંત વંદનાવલી ઘણી વખત સાંભળી કરી છે, બેઠા છીએ અને પાઠો કર્યા છે. પર્યુષણની અંદર જે રીતે એક પીક્ચર જોતા હોઈએ, મૂવી જોતા હોઈએ અરિહંત પરમાત્માનું જીવન ચરીત્ર આપણા આંખની સામેથી પસાર થતું હોય, એમનું જીવન જોતાજોતા આપણા ચિત્તની અંદર જે પ્રસન્નતા અને આનંદનો જે ઉભરાવો થાય છે તેનો પહેલી જ વાર અનુભવ થયો અને ખરેખર શ્રીમંધર સ્વામીના સમોશરણમાં હોઈએ અને શ્રીમંદર સ્વામીને માણી રહ્યા હોઈએ તેવો અનુભવ થયો. આવી આવી સંસ્પર્શના તિર્થંકર પરમાત્માની હાજરી live, વિહરમાન તિર્થંકર આજ અત્યારના આ કાળમાં ભરતક્ષેત્રની અંદર આ રીતે જીવીત મળી શકે એવો અનુભવ પહેલી વાર થયો. આ રીતે ત્રીજો દિવસ અને ત્યારબાદ રોજની જેમ પ્રતિક્રમણ અને આરતી, મંગળ દિવો કર્યો.

ચોથા દિવસે મંત્રનું વિજ્ઞાન, મંત્રની વિશેષતા, મંત્રની ખાસીયત, મંત્ર કઈ રીતે કાર્ય કરે છે, મંત્રનો પ્રભાવ તે સમજાવવામાં આવ્યો. મન + યંત્ર = મંત્ર. જે સાધન દ્વારા આપણે પોતાને ઈષ્ટ ફળ પ્રાપ્ત કરાવે એ સાધન મંત્ર છે. જગતમાં અનંત મંત્રો પડ્યા છે પણ નવકારમંત્ર દ્વારા ચારેય શરણાને આપણી અંદર કઈ રીતે enter કરવા, નવકારમંત્રના specific જાપ કરી આપણી રોજીંદી સમસ્યાઓનું નિવારણ કઈ રીતે લાવી શકાય, મંત્ર દ્વારા શુભ ધ્યાન, શુક્લ ધ્યાન અને કેવળજ્ઞાનની યાત્રા કઈ રીતે કરી શકાય તેનું સરળ, સહજ અને સચોટ દર્શન કરાવ્યું. **''મારે નથી થવું હેરાન''** આ મહામંત્ર દ્વારા ભગવાન મહાવીરે અંતર સાધનામાં સિધ્ધિ કઈ રીતે પ્રાપ્ત કરી તે જોઈ મન ભાવવિભોર બની ગયું. ''નમો જિણાણં, જિઅ ભયાણં'' તથા ''તમે ગમે એવા હો "I Love You" આ મંત્રો થકી જીવનનો રસ્તો short cut બતાવી દીધો. ખાસ તો મંત્રને કોણ જન્મ આપે છે ? મંત્ર દ્વારા મનને કેળવી અને એના પુદ્ગલો પ્રાપ્ત કરી મંત્ર કઈ રીતે સિધ્ધ થાય છે તેનું અદ્ભૂત વર્ણન સાંભળી હૃદય નાચવા લાગ્યું. ઋષીમુનીઓ તથા સિધ્ધ પુરૂષની દેન છે આ મંત્ર. ઋષીમુનીઓ તેમની સંકલ્પના – ભાવ – વિચાર – ધ્વની – શબ્દો – અક્ષરો દ્વારા મંત્રનો જન્મ થાય છે તે સાંભળીને મન દિગ્મૂઢ બની ગયું. અને છેલ્લે ''મારે નથી થવું હેરાન'' આ મહામંત્ર દ્વારા નિષ્તરંગ અવસ્થામાં જવું તેનો માર્ગ બતાવ્યો.

દરેક શેસન એક એક પગથીયું ઉપર લઈ જતુ હતુ. ચોથા દિવસના બીજા સત્રમાં જગતનું સ્વરૂપ આ વિષય પર ખુલાસો કર્યો હતો. આ સત્રમાં અરિહંત કેમ બનાય તેની formula આપી હતી. તેના દરેક પગથીયાનું વિસ્તરણ કરવામાં આવ્યું હતુ.

(૧) જગત એ પરિવર્તનશીલ છે. પરિવર્તનને આપણે સ્વીકાર જ કરતા નથી. હરક્ષણે પરિવર્તન થઈ રહ્યું છે, એ રીતે જોવાની ટેવ પાડશું તો ''મારે નથી થવું હેરાન'' આ ધ્યેયને સાર્થક કરી શકીશું. પરિવર્તન આર્શીવાદ રૂપ છે. આપણા જીવનમાં પરિવર્તનથી જ freshness આવે છે.

(૨) જગત વિવિધ સ્વરૂપ છે. વિવિધતાને અપનાવવાથી life માં હરક્ષણે change મળે છે. જીવનમાં બદલાવ આવે છે.

(૩) હું લાખો કરોડો જીવો પર નિર્ભર છું. મારો એક શ્વાસ પણ લાખો જીવોની દેન છે. મારૂ આખુ જીવન અનંત જીવોના ઉપકારથી જ ચાલે છે. શરીર છે ત્યાં સુધી એકબીજા પર આધારીત છીએ.

(૪) હું જે આ જગતને આપીશ એજ અનંતગણુ રીર્ટન મને મળશે. જગતમાં પ્રેમ આપીશ પ્રેમ મળશે, નફરત આપીશ નફરત મળશે.

(૫) હું આ સૃષ્ટિનો અંશ છું.

આમ આ પાંચ પગથીયા થકી સમ્યક્ દર્શન પ્રગટ કરાવ્યું. જગતનું સ્વરૂપ જેમ જેમ સમજતા ભૂલો સમજાતી જાય અને તેમાંથી ગમા અણગમાના અભિપ્રાયોમાંથી મુક્તિ મળતી જાય છે. જગતને unconditional પ્રેમ કરી પ્રભુ બનવાની સીડી બતાવી.

પર્યુષણ પર્વના ચોથા દિવસે જગતનું સ્વરૂપ સમજાવી સમ્યક્ દર્શન પ્રગટ કરાવ્યું અને તેના ફળ સ્વરૂપે પાંચમા દિવસે સૌની અંદર મહાવીરનો જન્મ થયો. પર્યુષણની આ યાત્રા એક એક દિવસ એક એક ગુણસ્થાનક ઉપર લઈ જાય છે. મહાવીર જન્મ એટલે આનંદોત્સવની ચરમસીમા. આ દિવસે સવારના નાના મોટા સૌ સજીધજીને ઉજવવા આવ્યા હતા. શ્રીપાળભાઈ ત્થા તેમના ધર્મપત્ની કુસુમબેન ચૌધરી એમણે સિધ્ધાર્થ રાજા ત્થા ત્રીશલામાતા બનવાનો લહાવો લીધો હતો. અને તેમના પૌત્ર ભવિલ જે બાળ મહાવીર બન્યા હતા. લગભગ ૪૦ ઈન્દ્ર તથા ૬૦ ઈન્દ્રાણી બન્યા હતા. ત્થા નાની બાળકીઓ છપ્પન દીક્ કુમારીકા બની હતી. સૌના દિલમાં આજે ઉત્સાહ સમાતો ન હતો. સૌ મહાવીર બનવા માટે થનગની રહ્યા હતા. આખું દેવલોક અહીં પધાર્યું હતુ. ત્રીશલામાતાને જે ગર્ભમાં ચૌદ સ્વપ્ન આવે છે તે દરેક સ્વપ્નાને ઉતારવાનો લાહવો સત્સંગીઓએ લીધો હતો. ઈન્દ્ર ત્થા ઈન્દ્રાણીઓ ભાવપૂર્વ પ્રભુની ભક્તિ કરે છે. છપ્પન દીક્ કુમારીકાઓ પોતાનું કાર્ય આનંદવિભોર બની કરે છે. ચોથા આરામાં મહાવીર જન્મ વખતે જે આનંદ થયો હશે તે સાક્ષાત અહીં વરતાઈ રહ્યો હતો. ત્યાર બાદ અંતમાં મંગળ દીવો,

શુભેચ્છક : Life is like a river, which has many turn's. So enjoy every turns. Bcoz these turn's never RETURNS.

શાંતીકળશમાં ભાગ લઈ સૌ જીવો શાંતી ને પામ્યા.

મહાવીર જન્મ ઉજવ્યા બાદ નવો પ્રવાસ શરૂ થયો. આપણે જીવન તો જીવી રહ્યા છીએ પણ તેમાં ધ્યેય નથી, લક્ષની જાગૃતિ નથી. દરેક કાર્ય દીશાહીન છે. જાગતા પણ બેભાનપણે દરેક ક્રિયાઓ કરી રહ્યા છીએ. લક્ષ નથી, ધ્યેય નથી માટે તેનું પરીણામ પણ જોઈએ એવું મળતું નથી. અને ફરી એજ હેરાનગતીની સાઈકલમાં ખોવાઈ જઈએ છીએ. ચાર દિવસની practice બાદ પાંચમા દિવસે બીજા સત્રમાં આપણો ધ્યેય શું હોવો જોઈએ? કેવો હોવો જોઈએ? કેટલા ધ્યેય હોવા જોઈએ? તેના પર વિશેષ વજન આપવામાં આવ્યું. ભગવાન, ઈશ્વર, પરમાત્મા વચ્ચેનો ભેદ સમજાવવામાં આવ્યો.

આપણા રોજીંદા જીવનમાં અનંત લક્ષ રાખવા પડશે. લક્ષ હર સમયે બદલાતા રહે છે. આપણે સૌએ પરમાત્મા બનવા માટે જ જન્મ લીધો છે. પણ ત્યાં સુધી પહોંચવા માટે દરેક stages માંથી પસાર થવું પડશે. 'મારે નથી થવું હેરાન'ને જીવનના નાના લક્ષમાં જેમકે ખાવું, પીવું, બોલવું, ધંધો કરતા, કોઈની સાથે વ્યવહાર કરતા, સંબંધ બાંધતા આવા નાના નાના લક્ષોને achieve કરતા ધીમે ધીમે મુખ્ય લક્ષ તરફ પહોંચી જવાય છે. 'મારે નથી થવું હેરાન'થી automatic negative energy ખતમ થાય છે. નકારાત્મકતા stop થાય છે અને ભગવાનના છ ગુણો આપણી અંદર develope થાય છે. ત્યારબાદ ઈશ્વર એ આનંદ સ્વરૂપ, હું સ્વતંત્ર છું એજ રીતે જે વર્તના કરે તે ઈશ્વર બની જાય છે. અને છેલ્લે પરમાત્મા એટલે કાયમ માટે સ્વતંત્રતાની અનુભૂતી કરે તે પરમાત્મા.

ભગવાને પોતાના જીવનમાં બધો જ વ્યવહાર આપણી જેમ કર્યો અને દરેક ક્ષણમાં મારે નથી થવું હેરાન, તમે ગમે એવા હો I Love You ને લક્ષમાં રાખી જીવન વહન કર્યું અને તેઓ પરમાત્મા બની ગયા. અહીં આવા પર્યુષણમાં જ આટલો short cut રસ્તો સાધારણ માણસથી લઈને લક્ષ જીવનમાં સાધી પરમાત્મા બનવાનો સરળ રસ્તો બતાવવામાં આવ્યો હતો. પરમાત્મા તરફની યાત્રા સુગમ બની જાય છે. આ રીતે જો લક્ષને પકડશું તો આપણો ખરો જન્મ થાય છે.

પર્યુષણના છઠ્ઠા દિવસે તત્વ સ્વરૂપ પર સમજાવવામાં આવ્યું. બારીકાઈથી સૂક્ષ્મ દર્શન પર focus કરવામાં આવ્યું હતું. આ સત્રમાં કેવળી બનવાની training આપવામાં આવી હતી. ઉત્પાદ, વ્યય અને ધ્રોવ્યુક્તમથી સૂક્ષ્મતમ જગતને નિહાળવામાં આવ્યું હતું. મૂળભૂત પાંચ દ્રવ્ય પર ખુલાસો કરવામાં આવ્યો હતો. જે વસ્તુ જેમ છે તે રીતે જોઈ scientific vision clear કરાવ્યુ હતુ. સૂક્ષ્મદર્શન થકી પુદ્‌ગલનું આકર્ષણ અને વિકર્ષણ ખતમ કરી વિતરાગતા પ્રગટ કરવાની ચાવી આપી. જીવ અને અજીવ પ્રત્યેનો ભેદ સમજાવ્યો. હું જીવ છું છતા અજીવ સાથેના લગાવથી હંમેશા પરેશાન રહું છું આ microvision થી મુક્તિપદનો પથ દાખવ્યો હતો. તત્વ સ્વરૂપમાં જઈ આ રીતે જીવનનો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો હતો.

બીજા સત્રમાં તત્વ સ્વરૂપ હજુ વધારે deep માં સમજણ આપવામાં આવી હતી. પુદ્‌ગલ અને જીવની રમત કઈ રીતે છે તે સમજાવી હતી. સૃષ્ટિ શેની બનેલી છે? હું શા માટે આ જગતમાં આવ્યો છું? જીવ અને પુદ્‌ગલનો શું સંબંધ છે? તેના પર બારીકાઈથી સમજ આપી હતી. વસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિનો લગાવને છોડવાની રીત શીખવાડી હતી. ચેતન અને પુદ્‌ગલની રમતની અંદર લગાવ ન રાખી સ્વાર્થી બનવાની સ્વતંત્રતાને પ્રગટ કરવાની formula આપી હતી. લાલસા અને ઘેલછાઓમાંથી મુક્તિ અપાવી હતી. આવું અદ્‌ભુત સૂક્ષ્મ દર્શન જોઈ સૌ ગદ્‌ગદ્‌ બની ગયા હતા.

સાતમા દિવસે કર્મ સ્વરૂપને લેવામાં આવ્યું હતું. આ સૃષ્ટિનું Physics સમજાવ્યુ હતુ. કર્મ સ્વરૂપને સમજતા આપણે જેવું ભવિષ્ય ઈચ્છીએ છીએ તેવું નિર્માણ કરી શકીએ તે જોતા હૃદય અનહદ્‌ આનંદીત બની ગયુ. પુદ્‌ગલ અને જીવની દોસ્તી કઈ રીતે થાય છે? તેના કારણો? તેના ઉપાયો થકી ભેદ અને અભેદ યોગની સમજ આપી. હું શેનાથી બનેલો છું ! હરક્ષણમાં શું ખોટું કરું છું તે અજ્ઞાન પરનો પડદો હટાવ્યો હતો. સમ્યક્‌ જ્ઞાન થકી સમ્યક્‌ દર્શન, સમ્યક્‌ ચારિત્રની ચાવી આપી હતી. જીવ પરમાણુના control માંથી કઈ રીતે મુક્ત થઈ શકે તેના વિસ્તારથી હળવાફૂલ બની ગયા હતા. પરમાણુ થકી જીવ આઠ પ્રકારે કર્મ બાંધે છે તેમાંથી છૂટવાની રીત બતાવી. મનુષ્ય સ્ટેશનને સાર્થક કરાવ્યુ હતુ. આ શેસનના અંતમાં જુના negative પરમાણુઓથી મુક્ત થઈ નવા અરિહંત પરમાત્માના Divine પરમાણુઓનો સંગ્રહ કર્યો હતો. જીવનમાં પ્રથમ જ વાર ધન્યતાનો અનુભવ થયો. આ શેસનનો સાર સત્‌દેવ, સત્‌ગુરૂ, સત્‌ધર્મની સેવા થકી ભવિતવ્યતાને change થવાનો રસ્તો મળ્યો.

અને આટલા બધા શેસનના સાર રૂપ અભેદ યોગ, મન, બુધ્ધિ, ઈન્દ્રિયના જગતથી પર થવું. આંખ બંધ કરી આ જગતથી cut off થઈ જ્ઞાનાત્મક પાગલ બની નૃત્ય થકી પરમાત્મા સાથે જોડાણ કરાવ્યું. નમો નારાયણથી શરૂ કરી બધાજ ભગવાનનું સ્મરણ કરી, પંચ પરમેષ્ઠીનું શરણું ગ્રહણ કરી, તન-મન-વચન ત્રણેય યોગથી ભક્તિમાં એકતાન બની ગયા હતા. પ્રભુ સાથે અભેદ કરવાથી પરમ આનંદ, પરમ મુક્તિનો સહર્ષ અનુભવ થયો હતો. આ ભક્તિની ચરમસીમા હતી. આ શેસનને માણ્યા પછી કોઈ સવાલ ન હતો, કોઈ જવાબ ન હતો. માત્ર દિવ્ય આનંદની અનુભૂતી હતી.

આઠમો અને નવમો દિવસ સાંવત્સરીકનું practical સ્વરૂપ સમજાવવામાં આવ્યું હતું. છેલ્લા નવ દિવસનું સારાંશમાં નિરૂપણ કરવામાં આવ્યું હતું. આ જીવનના અનંતના પ્રવાસની તૈયારી માટેનું શેસન હતું. જીવનને સુંદર, સરળ, સુગમ બનાવવાના રસ્તા practically કરાવવામાં આવ્યા હતા.

પ્રભુની દિવ્ય વાણી અને વૈખરી વાણીથી સૌને પોતપોતાના સવાલોના જવાબ મળતા ખુશખુશાલ હતા. પ્રભુની હાજરી સદ્‌ગુરૂની પ્રાપ્તિ હંમેશા ભવોભવ મળતી રહે એજ પ્રાર્થના સાથે આ પર્યુષણ પર્વની પૂર્ણાહુતિ કરવામાં આવી.

શુભેચ્છક : These are secrets to success, it's the prepration hard work, learning from failure.

Sept. 2010 માં મેં પર્યુષણ ૩ દિવસ માટે attend કર્યા હતા. પર્યુષણના પહેલા દિવસે Second session attend કર્યું. AC માં કટાસણા વગર પ્રતિક્રમણ કરવું એ કંઈ યોગ્ય લાગ્યું નહી માટે પ્રતિક્રમણ તો ઉપાશ્રયે આવીને જ કર્યું.

સાહેબની વાણી સાંભળી અને મારે નથી થવું હેરાન એ slogan (મંત્ર) મનમાં બેસી ગયો એટલે બીજા દિવસે ફરી attend કર્યું. બીજા દિવસના ત્રણેય session attend કર્યા.

હું દરરોજ 2 time નહાઉં છું. પણ, પંકજભાઈએ જે scientific method થી નવડાવ્યો, જે પ્રતિક્રમણ કરાવ્યું એ મને ખરેખર યાદ રહી ગયુ છે. હવે તો બાથરૂમમાં નહાવા જાઉં છું ત્યારે automatic પ્રતિક્રમણ પણ થઈ જાય છે. નવાઈની વાત તો એ હતી કે સંવત્સરીક પ્રતિક્રમણ જે છેલ્લા 40 વર્ષથી કટાસણા સાથે કરીએ છીએ તે આ વખતે પંકજભાઈ સાથે કરી ઘણો આનંદ થયો. જીવનમાં પહેલી વાર સમજીને પ્રતિક્રમણ કર્યું અને ભાવપૂર્વક મિચ્છામી દુક્કડમ્ દીધા.

આપ સૌને પણ હું પ્રેરણા કરૂં છું કે એકવાર scientific પર્યુષણનો લાભ અવશ્ય લેજો. પૂ. સાહેબની અનોખી method થી scientific પ્રતિક્રમણ કરી નાહજો.

નમો જિણાણં.

**આશીષ શાહ – 932223523**

---

પર્યુષણ તો ઘણી ક્રિયાઓ કરતાં ક્યારેક ભાવો સાથે પણ ઉજવ્યા છે. પણ આ પર્યુષણના અનુભવો મેં ક્યારેય ક્યાંય નથી સાંભળ્યા, નથી અનુભવ્યા. આનો વિવરણ કરતાં મારા પેનની શ્યાહી પણ ખૂટી શકે અને પેપર પણ કદાચ નાનું પડે. પણ આટલું તો જરૂર લખીશ કે જે જીવનમાં અધુરતા હતી તેનું સંપૂર્ણ જ્ઞાન, અદ્દભુત અનુભવ, અદ્દભુત પ્રભુ કૃપા, શાંતિ, આનંદ અને અદ્દભુત પરિણામો મળ્યા છે. એટલે જીવનની દ્રષ્ટિ જ બદલાઈ ગઈ છે. સંસાર છે, પણ લક્ષ પણ છે. પ્રતિકુળતા છે, પણ હવે અનુકુળતા મળી જાય છે. અને તારા મારા પણું અભિપ્રાયોમાંથી મિત્રતા મળી ગયેલ છે. 'નમો જિણાણં' અનુકુળતા છે 'મારે નથી થવું હેરાન' લક્ષ છે અને 'તમે ગમે તેવા હો' મિત્રતા આવી જાય છે. હવે બસ શુદ્ધ આત્માના દર્શન કરવા છે. જીવનમાં મારી કોઈ જ ઈચ્છા રહી નથી. શક્તિ શિવાય આત્માના દર્શન બસ પ્રભુ કૃપા, ગુરૂ કૃપા, અરિહંત કૃપા, માતાપિતા કૃપા, સૃષ્ટિ કૃપા, આત્મ કૃપા. ૐ જીવાત્માને નમ:, ૐ અંતરઆત્માને નમ:, ૐ પરિબ્રમ્હ પરમાત્માને નમ:, ૐ નિરંજન નિરાકાય નમ:, ૐ શૂન્યસત્યાય નમ: આજ અભિલાષા સાથે –

'નમો જિણાણં, જીઅ ભયાણં'.

**વીણા વિનોદ વોરા – 9769877886**

---

૨૦૦૮ ના પર્યુષણ અનુભવમાળામાં હું પર્યુષણમાં રોજ આવતો હતો. ત્યારે જ મને પ્રભુજીને ઘરે લઈ જવાની ઝંખના હતી અને પ્રભુજીએ મારી પ્રાર્થના, વિનંતીને માન આપી ૨૦૦૯ માં મારા ઘરે પધરામણી કરી. પ્રભુજીને ઘરે લાવ્યા બાદ રોજ સવાર–સાંજની પ્રક્રિયા એમની સામે બેસીને કરતા મને અદ્દભુત આનંદ આવે છે. રોજ સવારે ભગવાનના સ્પર્શનો લાભ મળે છે. પ્રભુજીનું મધમધતુ મુખડું જોઈને ખૂબજ આનંદ આવે છે. ભગવાન જાણે હાજરાહજૂર જ છે. જ્યારે પણ કોઈ કાર્યમાં હું ફસાઈ ગયો હોઉં તો એમને પ્રાર્થના કરું અને તરતજ બહાર નીકળી જાઉં છું. સાચા દિલથી પ્રભુને જો એકપણ વિનંતી મૂકી હોય એ અવશ્ય પૂરી થાય છે.

૨૦૦૯ માં અમે સૌ સાધુ–સાધ્વીની શિબીર માટે પાલીતાણા જવાના હતા. પણ અમુક કારણોસર એમાં વિઘ્ન આવતું હતું. હું સવાર–સાંજ બન્ને ટાઈમ પ્રભુને પ્રાર્થના કરતો હતો અને મારા અંતરાયો તૂટી ગયા અને અમને પાલીતાણાની યાત્રાનો લાભ મળ્યો. હું પળેપળે ધન્યતાનો અનુભવ કરું છું. મારી એવી ભાવના છે કે પ્રભુ બધા સત્સંગીઓના ઘરે બીરાજમાન થાય. બધા એ આનંદનો લાભ લે એજ મારી અભ્યર્થના છે.

**Alpesh Shah - 9820212816**

---

2010 के पर्युषण के बाद भगवान घर पर पधारे । भगवान के आते ही घर का वातावरण बदल गया । शारिरीक, मानसीक, आर्थिक, पारिवारीक, सामाजीक, आंतरिक सभी क्षेत्रों मे प्रगती हुई । ऐसे तो छोटे–बड़े बहुत अनुभव हुए किन्तु उन में से एक अनुभव share करना चाहुँगी । करीब 5-6 महिने पहले की बात है । मेरा भाई जिसकी age 39 है उसकी तबियत ठीक नही थी । उसका weight loss हो रहा था । सारे reports कराये उस मे भी कुछ नही आया । एक महिने बाद फीर से उसे hospital में addmit कीया तब पता चला कि उसे T.B. हो गया है । (उसे 6 साल पहले भी हुआ था) । T.B. की दवाई शुरु हुई किन्तु weight loss हो ही रहा था । दवाई की असर नही हो रही थी । एक दिन अचानक B.P. low हो गया और उसकी हालत बिगड़ गई और doctors भी घबरा गए । तब भगवान के पास बैठकर एक ही प्रार्थना की भगवान अब सब कुछ तेरे हाथ में है मुझे कुछ मालुम नही बस उसकी तबियत ठीक होनी चाहिए । उसके बाद मन मे जो भी बूरे ख्याल आ रहे थे सब positive हो गए और प.पू. पंकजभाई से भी बात की तब उन्होंने कहा कि उसे अपनी C.D. सुनाओ और अरिहंत के जाप करो । हम सब ने मीलकर अरिहंत के जाप किये उसके बाद एक अलग confidence आ गया कि नही उसे कुछ नही होगा । प्रभु कृपा और गुरु कृपा से दुसरे दिन डॉक्टर ने कहा कि अब चिंता की कोई बात नही है । दुसरी बात यह बताना चाहुँगी कि उस समय मुझे मयुरीबेन और बेलाबेन ने बहुत हिम्मत दी । इतना ही नही मयुरीबेन की प्रेरणा से बेलाबेन, मुलुन्ड के चैनिकाबेन और मेरे family members और relatives हम सबने मिलकर मुलुन्ड में भाई के घर पे प्रक्रिया एवं जाप किये । धीरे–धीरे उसकी तबियत ठीक होने लगी और प्रभु कृपा और गुरु कृपासे अब वह ठीक है ।

अंत मे यही कहना चाहुँगी कि कुछ भी problem हो उसे (भगवान को) सौप दो, 100% result मिलेगा । और इस बात के लिए मैं प.पू. पंकजभाई की बहुत आभारी हूँ जिन्होने यह सब सिखाया और उन्ही की कृपा से जीवन एकदम सरल बन गया है । आगे भी ऐसी कृपा बरसती रहे । उनके चरणों मे कोटी कोटी वंदन ।

**Poorvi Maru - 9987503512**

---

**શુભેચ્છક : In a mirror we find a reflection of our appearance but in heart we find a reflection of our soul.**

**સમસ્ત લોકને ભાવભર્યુ જાહેર આમંત્રણ** નમો જિણાણં **પંચમ વર્ષમાં ભવ્ય પદાર્પણ**

# શ્રી કિશોર ભીમજી સંઘવી
# Divine Scientific પર્યુષણ પરિણામ અનુભવમાળા

પર્યુષણ એ નિગ્રંથ બનવાનું મહાપર્વ છે. નિગ્રંથ એટલે ગ્રંથીઓથી (મનની ગાંઠોથી) મુક્ત થવું. જીવનમાં જાગૃત ન રહેવાથી આવી ગાંઠો હર ક્ષણે બંધાયા કરે છે. અને એજ આપણી હેરાનગતીનું કારણ છે. જાણતા કે અજાણતા આ ગાંઠો જ આપણું જીવન ક્લેશવાળુ બનાવી દે છે, અને જીવન જીવવું દુષ્કર બની જાય છે. આજ કારણે જિન માર્ગમાં વર્ષમાં એકવાર પર્યુષણ મહાપર્વની ગોઠવણ છે.

આપણા જીવનમાં આવા કેટલાય પર્યુષણ આવ્યા અને ચાલી ગયા પણ આપણી દશા જેવી હતી તેવીજ છે. હર ક્ષણે આપણે હેરાનગતીથી મથીએ છીએ, પણ છુટાતૂ નથી. તો ચાલો આપણે જોડાઈએ આ પર્યુષણના મહાયજ્ઞમાં અને જીવનને શાંત, સુખી અને નિરાકુળ બનાવીએ અને સ્વનો વિકાસ કરીએ.

## આયોજન ખાસિયત

જૈન શાસનના ઈતિહાસમાં પાછું આવું ભવ્ય આયોજન પાંચમાં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. જ્યાં ભગવાને એમની હયાતીમાં જે રીતે પ્રેકટીકલી (practically), સાયંટીકલી (Scientifically) નિગ્રંથ બનવાના દ્ process બતાવ્યા છે, બીલકુલ એજ રીતે આ પર્યુષણ અનુભવમાળાનું આયોજન કરેલ છે. જ્યાં માત્ર સાંભળવાનું નથી પણ સમજણપૂર્વક (on the spot) નિગ્રંથ બનતા શીખવાનું છે અને એને જીવનનું એક અંગ બનાવવાની method શીખવાની છે. દરેક સેશનમાં (સત્રમાં) practical જીવનમાં અમલ કરવાની અલગ અલગ method શીખશું.

## જાહેર આમંત્રણ

**સમસ્ત જૈન તથા અન્ય સમાજને આ ભગવાનના મહાયજ્ઞમાં, ધર્મ, સંપ્રદાય અને વાડા બંધીની ગ્રંથી તોડીને જોડાવાનું આપ સહુને સહર્ષ ભાવભર્યુ આમંત્રણ છે.**

**Complete Live Telecast of Paryusan Anubhavmala-2011 (Full 9 days / 9 hours) on cable network & www.namojinanam.org through out the world.**

### સ્થળ

ઋતમ્ભરા કોમર્સ કોલેજ, એમ. કે. સંઘવી હોલ,
જુહુ સર્કલ, જુહુ બસ ડેપોની બાજુમાં, ચંદન ટોકીઝ નજીક,
જે.વી.પી.ડી. સ્કીમ, જુહુ, મુંબઈ (INDIA).

### ભોજન વ્યવસ્થા

એકાસણા, બેસણા, ચૌવિહાર તથા ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલી છે. એક દિવસ પહેલા નામ નોંધાવી પાસ લેવુ આવશ્યક છે, એટલે વ્યવસ્થાની ખબર પડે.

### કેંદ્ર દ્વારા બસ વ્યવસ્થા

નામ નોંધાવી બસ પાસ (FREE PASS) લેવા આવશ્યક છે.

- બોરીવલી (વે.) થી : રાજમહલ હોટેલ, લીના ચંદાવરકર રોડ, બોરીવલી (વે.) સવારે ૮.૦૦ વાગે બસ ઉપડશે.
  સંપર્ક-અલ્પેશ શાહ : ૯૮૨૦૨૧૨૮૧૬, ડિંપલ શાહ : ૯૮૩૩૧૩૩૨૬૬
  હેમંત ગાલા : ૯૮૨૦૬૧૯૮૧૪
- મુલુંડ (વે.) થી : ઝવેર રોડ દેરાસરથી સવારે ૮.૦૦ વાગે બસ ઉપડશે.
  સંપર્ક-ચૈનીકાબેન શાહ : ૯૮૩૩૨૮૩૯૧૧, નેમજીભાઈ શાહ : ૯૩૨૨૫૧૧૫૪૭
- સાયનથી : હનુમાન હોટલ, ફ્લાય ઓવર નીચે, સાયન સર્કલ, સવારે ૮.૨૦ વાગે બસ ઉપડશે.
  સંપર્ક-નીતીનભાઈ : ૯૮૬૯૦૫૨૫૦૭, હર્ષાબેન : ૯૮૨૧૩૧૩૮૧૩

### હોલ સુધી આવનારી BEST બસ સેવા

(બસ સ્ટોપનું નામ જુહુ ડેપો, જુહુ સર્કલ)

| | |
|---|---|
| મુલુડથી | : ૪૨૪ |
| દેવનાર વાયા સાયન | : ૩૫૮ |
| વડાલા વાયા સાયન | : ૨૮૧, ૨૫૫ |
| ભાયખલાથી | : ૨૦૦ |
| વિ.ટી.થી | : ૨૮ |
| મુલુંડ-વાશી-ઘાટકોપરથી અંધેરી(વે.) | : ૫૩૩ |
| ભાયંદરથી | : ૭૦૭ |
| બોરીવલી (વે.) | : ૨૦૩, ૨૨૪, ૨૨૯, ૭૦૭ |
| ગોરેગાંવ (વે.) | : ૩૩, ૨૫૩ |
| અંધેરી સ્ટેશન (વે.) | : ૨૦૩, ૨૫૩, ૨૫૭ |
| શીવાજી પાર્કથી | : ૭૯ |
| બાબુલનાથથી | : ૮૦ (લિમિટેડ) |

**આયોજક : પરમ સુખ જીવન વિકાસ કેંદ્ર**
**મુંબઈ**

શુભેચ્છક : Sapne wo hai jo nind me aye, Sapne wo hai jise pure kiye bina nind na aye.

Complete Live Telecast of Paryusan Anubhavmala-2011 (Full 9 days / 9 hours) on cable network & www.namojinanam.org through out the world.

Sponsors required for Live Telecast on Cable Network for all 9 days Don't miss this divine opportunity

## કાર્યક્રમની રૂપરેખા

**દરેક દિવસના દરેક સેશનના દાતા બની લાભ લેવા આમંત્રણ**
**નોંધ : દાતાઓએ તારીખ પ્રમાણે નામ અને અવસર નોંધવવા વિનંતી.**

| | |
|---|---|
| એક સેશન | : રૂા. ૬,૦૦૦/- નકરો |
| આરતી | : રૂા. ૬,૦૦૦/- નકરો |
| મંગળ દિવો | : રૂા. ૬,૦૦૦/- નકરો |
| સંવત્સરી પ્રતિક્રમણ | : રૂા. ૯,૦૦૦/- નકરો |
| સંવત્સરી દિવસે આરતી | : રૂા. ૯,૦૦૦/- નકરો |
| સવંત્સરી દિવસે મંગળ દિવો | : રૂા. ૯,૦૦૦/- નકરો |

આખા દિવસનો લાભ તથા આરતી, મંગળ દિવો
રૂા. ૩૦,૦૦૦/- નકરો

### મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ

**તા. ૨૯-૦૮-૨૦૧૧, સોમવાર ● સમય : ૯.૦૦ થી ૧.૦૦**

- ૬૪ ઈન્દ્ર, ઈન્દ્રાણી બનવાનો અમૂલ્ય અવસર. ઈન્દ્ર, ઈન્દ્રાણી દીઠ રૂા. ૧,૦૦૦/- નકરો.
- ૫૬ દીક્ કુમારી બનવાનો અમૂલ્ય અવસર. દીક્ કુમારી દીઠ રૂા. ૫૦૦/- નકરો.
- ત્રીશલા માતા, સિદ્ધાર્થ રાજા બનવાનો અમૂલ્ય અવસર. તથા શાંતી કળશનો લાભ : રૂા. ૨૧,૦૦૦/- નકરો.
- વર્ધમાન મહાવીર બનવાનો અમૂલ્ય અવસર : રૂા. ૩,૦૦૦/- નકરો

| તારીખ/વાર | સેશન – ૧ : ૯.૦૦ થી ૧૨.૦૦ | સેશન – ૨ : ૨.૩૦ થી ૫.૩૦ | સેશન – ૩ : ૭.૧૫ થી ૧૦.૦૦ |
|---|---|---|---|
| ૨૫-૦૮-૨૦૧૧ ગુરૂવાર | પર્યુષણનો ઈતિહાસ, ભૂમિકા, મહત્વ, હેતુ, જીવનમાં રોજ પર્યુષણ. નવ દિવસનો મુક્તિ રિસોર્ટ | ભગવાને બતાવેલ ૬ Scientific Process દ્વારા જીવનમાં આનંદ ઉત્સવ અને આત્મ વિકાસ | ૨૪ કલાકનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૨૬-૦૮-૨૦૧૧ શુક્રવાર | ભક્તિનું સ્વરૂપ, પ્રભુ સાથેનો love affair, નવધા ભક્તિ/નારદ ભક્તિ સ્વરૂપ | જિન માર્ગમાં ભક્તિ દ્વારા જીવનના બધા solution | ૨૪ કલાકનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૨૭-૦૮-૨૦૧૧ શનિવાર | તપનું સ્વરૂપ day to day life માં હરક્ષણે, હરક્ષેત્રમાં, વગર મેહનતે, સહજ તપ કેમ થાય એની મેથડ | દેવ વંદન (સંગીત સાથે) અરિહંત વંદનાવલી અવસ્થા ચિંતન અને આપણું જીવન | અઠવાડિયાનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૨૮-૦૮-૨૦૧૧ રવિવાર | નવકાર મંત્રનું વૈજ્ઞાનિક સ્વરૂપ અને આપણા જીવનના all solution | જગતનું સમ્યક્ દર્શન (Scientific Vision) | અઠવાડિયાનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૨૯-૦૮-૨૦૧૧ સોમવાર | ભગવાનનો Live જન્મ મહોત્સવ (સ્નાત્ર) એમના જન્મનું આપણા જીવનમાં જોડાણ (સંગીત સાથે) | ધ્યેય, સ્વરૂપ, લક્ષ સ્વરૂપ, જીવનની success ચાવી | ચાર મહિનાનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૩૦-૦૮-૨૦૧૧ મંગળવાર | તત્વ સ્વરૂપ – ૧ જગતનું તાત્વિક, Scientific Micro-vision | તત્વ સ્વરૂપ – ૨ Scientific Micro-vision થી સમ્યક્ દર્શન | ચાર મહિનાનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૩૧-૦૮-૨૦૧૧ બુધવાર | તત્વ સ્વરૂપ – ૩ Law of cause and effect કર્મનું practical સ્વરૂપ | તત્વ સ્વરૂપ – ૪ Self Realisation ભેદ/અભેદ યોગ | ચાર મહિનાનું પ્રતિક્રમણ તથા આરતી |
| ૦૧-૦૯-૨૦૧૧ ગુરૂવાર | સંવત્સરી in daily life પાર્ટ (૧) | ટાઈમ ૨.૩૦ થી ૬.૩૦ સંવત્સરી આલોચના, પ્રતિક્રમણ તથા આરતી | |
| ૦૨-૦૯-૨૦૧૧ શુક્રવાર | સંવત્સરી in daily life પાર્ટ (૨) | ટાઈમ ૨.૩૦ થી ૬.૩૦ સંવત્સરી આલોચના, પ્રતિક્રમણ તથા આરતી | |

**રોજ ત્રીજા સત્રમાં** Practical Scientific પ્રતિક્રમણ સમજણ સાથે જે રીતે ભગવાન મહાવીરે આજથી ૨૬૦૦ વર્ષ પહેલા બતાવ્યુ હતુ એ રીતે કરશું. ગુજરાતી/હિંદી/English માં સંગીત સાથે. ત્યાર બાદ રોજ રાત્રે ભગવાનની આરતી અને મંગલ દીવાની સમજણ પુર્વક સંગીત સાથે કરવામાં આવશે. આ પર્યુષણ પરીણામ અનુભવમાળાની ખાસિયત છે. (વાંચો અહેવાલ પર્યુષણ અનુભવમાળા ૨૦૧૦) આ જ અંકમાં છે.

### સંપર્ક

ડિમ્પલ શાહ – ૯૮૩૩૧૩૩૨૬૬
નીતીન બુરીચા – ૯૮૬૯૦૫૨૫૦૭
મયુરી વોરા – ૯૭૫૭૨૫૯૭૫૨
અલ્પેશ શાહ – ૯૮૨૦૨૧૨૮૧૬

શુભેચ્છક : River cuts d rock, not bcoz of its power, but bcoz of its CONSISTANCY, so never loose our hope & keep moving our goal.

પર્યુષણ પર્વમાં સાક્ષાત સમવશરણનો અનુભવ થયો. પ્રતિમાઓ વચ્ચે જે સાધનાઓ કરી તે જાણે સહજ થતી લાગી. કોઈપણ જાતનો થાક, કચવાટ કે અણગમો ન થયો. જાણે ભગવાનની હાજરીમાંજ બધુ જાય છે એવું મહેસુસ થયું. આવી અનુભૂતિ મારી જિંદગીમાં પહેલીવાર થઈ. મુહપત્તી, કટાસણું, ચરવળો એટલે શું? સાચી સમજણ પ્રાપ્ત થઈ. સામાયિક, પ્રતિક્રમણ, માળા-વંદના, ઉપાશ્રયમાં જવું વગેરે ક્રિયાઓ નિયમિત થતી હતી. પણ કરવા ખાતર તથા અબુધ્ધ રીતે, નિર્જીવ રીતે અભાનપણે કરતા હતા. સભાનતામાં પરિણમન થવાનો સવળો રસ્તો મળ્યો. સહજ થવાનો મોકો મળ્યો. મૈત્રી ભાવનામાં પ્રબળતા આવી. સહજતા, સ્વમાં રહેવાની સરળતા, સ્વચ્છતા, સરલતા, સમુહભક્તિ કરવાનો મોકો મળ્યો. સાથેસાથે પ્રેક્ટીકલ અભ્યાસ થયો. વર્ષોના કે અનંત ભવોના જે ખોટા વિચારો, અભિપ્રાયો, મતો પકડીને રાખ્યા હતા. એના પોટલાઓ અનંતાભવોથી સાથે ફેરવતા હતા. એ પોટલાઓને છોડવા કેવી રીતે? એ પોટલાઓને ક્યાં, કઈ રીતે, કેવી રીતે છોડવા પડે તે શીખવા મળ્યું. ભાર ઉતરતા હાશનો અનુભવ થયો. હવે આ પોટલાઓને ફરી ન ઉપાડીએ તેના માટેની પ્રક્રિયા કે રીત, અનુભવ મળવા માડી. સમતાભાવ, સહજતા આવવા માંડી. ચિત્તવૃતિમાં બદલાવ આવ્યો. બધી વૃતિઓને ઓળખીને, સમજીને, સહજતાથી નિકાલ કરવાનો રસ્તો મળ્યો. આનંદથી જીવન જીવવાની કળા શીખવા મળી. ''પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર'' જાણે એ બધાજ શબ્દોનો દરિયો મળી ગયો.

પરમ = પર થી ખસ
સુખ = સ્વ થી વસ
જીવન = આટલું બસ

એજ જીવનનો વિકાસ છે તેનું કેન્દ્ર એટલે મેન પાયો શું છે? તેના પિલરો, તેની મજબુતાઈ, તેની મંજીલો, તેના સોપાનો, પગથિયા પ્રાપ્ત થયા.

હવે તો બસ એ ચડવાનું ચાલુ કરી દીધું છે એટલે ધ્યેય, લક્ષ, કેન્દ્ર, મધ્યબિંદુ મળી ગયું છે.

અનંતાભવોમાં શું કર્યું, એ બધું છોડીને, એનાથી છૂટીને મુક્ત થવાનો રસ્તો મળ્યો. અદ્દભુત અનુભૂતિ થઈ.

''ખુદમેં હૈ ખુદા, તો ક્યું હોતે હો ખુદ સે જુદા'' ખુદમાં રત થવાની પ્રક્રિયાઓ, કળાઓ શીખ્યા. ભૂલાઈ ગયેલા પ્રસંગો તાજા થયા. નવીનતા આવવાથી જીવન જીવવાની મજા પડી. રુક્ષ જીવન હર્યુંભર્યું નવપલ્લવિત થયું. જેથી મોક્ષે જવાનો રસ્તો સરળ, સહજ થયો.

**જયવંતી ભેદા - 9324906788**

---

પર્વાધિરાજ પર્યુષણમાં રોજ નવ દિવસ આવનારને સ્વેચ્છાએ અમુક કાર્યો સોંપવામાં આવ્યા હતા. પ્રભુકૃપાથી ktichen department માં હું, અલ્પેશભાઈ, પૂર્વી મારૂ અને બીજા સત્સંગી ભાઈ-બહેનો પણ હતા. લગભગ પર્યુષણના છેલ્લા બીજા દિવસનો આ પ્રસંગ છે. પંગતમાં ભાઈ-બહેનો જમવા બેઠા હતા. હું દરેકની પાસેથી કુપન collect કરતી હતી. દરેકે મને કુપન આપ્યા, પણ એક છોકરો લગભગ ૨૫ એક વર્ષનો હતો તેણે સાંભળ્યું ન હોય એવો ડોળ કર્યો. તેની થાળીમાં ભાણુ પીરસાઈ ગયુ હતુ. મેં ફરી એને પુછ્યું ભાઈ તમારૂ કુપન? તો એ ગભરાઈ ગયો, ઉભો થવા ગયો. મેં એને કહ્યું તમે જમી લો અને પછી મને કુપન આપજો. તે ભયભીત બની ગયો. મારી બાજુમાં પૂર્વીબેન પીરસતા હતા તેમણે આ જોયું અને તરતજ મને કહ્યું કે એમને જમવા દો, એમનું કુપન હું આપી દઈશ. તરત જ તેમના husband અતુલભાઈને કહ્યું તમે ઉપરથી ૬૦ ₹ નું એક કુપન લઈ આવો. અતુલભાઈએ એકપણ પ્રશ્ન પૂછ્યા વગર કુપન લઈને મને આપી દીધું. તે છોકરાને અમે પીરસતા 'અભયના' ભાવ મોકલી રહ્યા હતા. અને ધીરે ધીરે તે શાંત બની પોતાનું ભોજન આરોગી રહ્યો હતો. તે નિર્દોષ છોકરો એ જાણે ભગવાન સ્વયં બાળસ્વરૂપમાં ચકાસવા, પરીક્ષા કરવા આવ્યા હતા. કોણ મને લઈ જવા લાયક છે? વત્સલ, પૂર્વીબેન, અતુલભાઈ ત્રણેય જણા પર્યુષણમાં અવિરતપણે સેવા આપી રહ્યા હતા અને હવે એમની વર્ષોની તપસ્યાનો અંત આવ્યો. મારૂ પરિવારની ભક્તિ આગળ પ્રભુને આવવું જ પડ્યું. પ્રભુ આનંદિત બની બાળસ્વરૂપે મારૂ પરીવારના ઘરે પધાર્યા. સત્સંગીઓના પણ પગલા થયા અને તેમનું ઘર પાવન બની ગયું.

આપની ભક્તિ, સેવા, સાધના ઉત્તરોઉત્તર વધતી રહે. પરમ સુખના પગથીયા ચડતા રહો. આપનું જીવન દિવ્ય બને, મંગલ બને એજ પ્રભુને પ્રાર્થના.

**ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન;**
**ભાવે ધર્મ આરાધીએ, ભાવે કેવળ જ્ઞાન.**

**મયુરી વોરા - 9757259752**

---

Paryusan Anubhavmala 2009 and 2010 is very important for me. as the best thing to understand and learn that everything works scientifically and also according to the law of nature. Except man who has received freedom up to 20% and also understanding this beautiful world with in us. This very year my best friend all Prabhu and made us such luck that he came to my house.

In first sight of the lord I had wished that he came to my house but when I asked my dad he gave me many reasons, but finally of Seventh day 'Pankaj Sir' came and happily decided that Prabhu will come surely. After his rool in my film I received a very precious thing of my life, brother and my sister to whom I could share my thoughts freely. But that he only was my sister as well as my brother. I improved a lot, 1st I was not use to face the problem and running away from it, but now I used to solve the problem. I shared him my every thought as a friend and also asked for guidance. But some how at the same time I received the guidance from my parents, teachers or even friends. He is really helpful. First I used to run away from scolding and beating but now I understood that he was giving me a chance to improve under him. I achieved many things which didn't value for the world but it used to me very much valuable for me.

**- Vatsal Atul Maru (IxthStd.)**

---

**શુભેચ્છક : Don't Judge people by how they disappoint us but judge them by their reflection when we disappoint them.**

### પહેલો દિવસ – Day 1
### Session 1
### 'પ્રાર્થના'

**હે અરિહંત પરમાત્મા.**

આજના આ દિવસે આપની કૃપાથી મારી આ અવસ્થાનો નવો જન્મ થયો છે. આપની કૃપાએ કરી ને આજે હું દ્રવ્ય થકી આપના દર્શન કરીને ધન્ય ધન્ય અનુભવુ છું. જો આપની શિરછાયા મારા ઉપર ન હોય તો આ દિવસ મને જોવા ન મળ્યો હોત.

**હે કૃપાળુ નિધાન,**

આવી કૃપા આજે મળી છે, કાલે મળે, ભવાંતરમાં મળતી રહે, જીવનની દરેક ક્ષણે આપની છત્રછાયા મળતી રહે એવી હું પ્રાર્થના કરું છું. (૩) આપના દર્શન કરીને મારા સર્વ દોષોનો, પાપોને, ભૂલોનો નાશ થાય એ અભ્યર્થના સાથે મારી અભ્યર્થના આપના ચરણકમળમાં પ્રસ્તુત કરું છું.

**હે અરિહંત પરમાત્મા,**

આપે વર્ષની અંદર મને જે એકવાર નિમિત્ત આપ્યું છે એ મહાપર્વના નિમિત્તે આપની સમક્ષ હું હાજર થયો છું. એનું શું મહત્વ છે ? શા માટે એનું પ્રયોજન કર્યું છે? મારા જીવનમાં એની સાથે કઈ રીતે અનુસંધાન જોડાયેલુ છે એ આપની શીખ લેવા હું પ્રેરિત થઈને આપની સમક્ષ હાજર થયો છું.

**હે અરિહંત પરમાત્મા,**

આ પર્વ નિમિત્તે મારા આ નવે નવ દિવસ એ રીતે વર્તે જે રીતે આપે મારા માટે પ્રયોજ્યા છે. બુદ્ધિથી તો હું બહુ અજ્ઞાન છું, ભાવથી હું બહુ અજ્ઞાન છું, ચારે બાજુ મુંઝવણ છે, ગૂંગળામણ છે, રસ્તો ક્યાંય પણ દેખાતો નથી, શું ચાલી રહ્યું છે, મારું જીવન કેમ જઈ રહ્યું છે, કાંઈજ ખબર નથી, કઈ બાજુ જાય છે એની ખબર નથી.

**હે અરિહંત પરમાત્મા,**

આજે હું એ બધા સવાલોનો જવાબ આપની નિરાકુળ હાજરીમાં લેવા આવ્યો છું. મારી આ અભ્યર્થના સફળ થાવ (૩) મારી આ પ્રાર્થના સફળ થાવ(૩) આ નવ દિવસની અંદર જો મને આ જીવનનો અને આ જીવન બાદની જે યાત્રા છે એનો રસ્તો મળી જાય તો ધન્ય ધન્ય અને કૃતાર્થ થઈ જઈશ (૩)...... નમો જિણાણં (૩)

**પર્યુષણ શા માટે ? પર્યુષણની વ્યવસ્થા ! પર્યુષણનું મહાત્મય**

આજે જન સમુદાયને મોટી મુંઝવણ છે કે પર્યુષણ શું છે, શા માટે છે, એનું આટલુ બધું મહત્વ શા માટે છે ?

આ પર્વ છે શું, એમાં કરવાનું શું હોય ?

વિધિ, ક્રિયા, તપ, જપ, વ્રત, નિયમ ! આ બધા તો ધર્મમાં સહાયક છે એ સ્વયં ધર્મ નથી. ધર્મ એ છે જે જીવનની સાથે વણાય, જીવનની સાથે ચાલે. જો તપ, જપ, વિધિ, ક્રિયા, વ્રત, નિયમ સહાય નથી કરતા તો એમાં ક્યાંક આપણી ભૂલ છે, આપણી સમજણમાં ભૂલ છે. ભગવાનનો આખો માર્ગ રોજીંદા જીવન માટે છે અને મહાપર્વની અંદર મૂળભૂત વાત ભગવાને રજૂ કરી છે જે એમના જીવનમાં હતી અને જેના દ્વારા સ્વયં પરમ મુક્ત અવસ્થાને પામ્યા અને એ છે નિર્ગ્રંથ બનવાનું.

અહીં જે કાંઈ પણ સાંભળશું એને જીવનમાં immediately connect કરશું એ રીતનું આયોજન છે. એજ રીતે પ્રતિક્રમણ, ભાવના, આરતી વગેરે જે પ્રયોજનો છે એની ગોઠવણ ક્રમબદ્ધ છે. એ શીખતા જઈશું, સમજતા જઈશું, impliment કરતા જઈશું અને જતા જતા, ચાલતા ચાલતા, બોલતા બોલતા, ઉઠતા–બેસતા, વ્યવહાર કરતા જીવનમાં એને વણાતા જઈશું. અરિહંત પરમાત્માનો માર્ગ એવો છે કે વણવું નહીં પડે વણાઈ જશે. અત્યાર સુધી આપણે અજ્ઞાન હોવાથી મહેનત કરી, પ્રયત્ન કર્યો પણ ખબર નથી શું કરીએ છીએ એટલે જ સફળ થયા નથી.

**'અર્હંત તત્વની પ્રાણ પ્રતિષ્ઠા'**

છાતી સમક્ષ બે હાથ જોડી એ અર્હંત તત્વને આપણે આમંત્રણ આપીએ અને નવ દિવસ સુધી એમની હાજરીમાં, નિશ્રામાં આખુ પર્વ પર્યુષણ આપણે ગાળીએ. જીવનની અંદર રહેલા શલ્ય અને મલ્યને દૂર કરી સાફ કરી ધોઈને એનુ નિવારણ કરવું છે. એ નિવારણ અર્થે એ અર્હંત તત્વને આમંત્રણ આપી રહ્યા છીએ.

**અનંત જ્ઞાનપૂર્ણ હે સીમંધર સ્વામી,**

આજે હું ભરતક્ષેત્રની અંદર જુહુ નગરે, ઋતુંભરા કોલેજના પરિસરમાં બેઠો છું. આપની હાજરી ૯ દિવસ રહે એવી આપની પાવન નિશ્રાની હું યાચના કરું છું જે અર્થે હું અહીં આવ્યો છું. જે ધ્યેય કરીને આવ્યો છું, એ મારો ધ્યેય સફળ થાય એવી હું આપને પ્રાર્થના કરું છું, વિનંતી કરું છું. આપના તત્વો, આપની હાજરી અહીંના વાતાવરણમાં, મારા અંતઃકરણના વાતાવરણમાં પ્રસરે, દિવ્યતા પ્રગટાવે અને આપના માર્ગ ઉપર હું સહજ નિર્મળ રીતે ચાલી શકું એ હિત તત્વ પ્રયોજન મારી અંદર અને આ વાતાવરણની અંદર પ્રગટ થાવ (૩).

દ્રવ્ય રૂપે આપની હાજરી સ્વરૂપે મેં પ્રતિમા મૂકીજ છે. એ પ્રતિમામાં આપ પ્રવેશ પામો (૩). ભાવથી હું જ્યારે જ્યારે ઝુકુ ત્યારે આપની આ દ્રવ્ય હાજરી મને મારા લક્ષનું, મારા ધ્યેયનું, મારા સાધ્યનું, યાદ દેવડાવે અને હું એ ધ્યેયના ધ્યાતા બની ધ્યાન મગ્ન બની જાઉં. એ સાધ્યના સાધક બની આપના સાધનામાં રત્ થઈ જાઉં. આપે જે હેતુ આપ્યો છે એની અંદર નિમગ્ન થઈ જાઉં. આપની અગાધ શક્તિ, આપનું અગાધ જ્ઞાન, આપનું અગાધ સામર્થ્ય, મારી અંદર આપની હાજરી દ્વારા પ્રગટે, પ્રવેશે અને આપ સમ થાઉં એ માટે કરગરૂ છું. આપની અહીં જે હાજરી છે એ મારી અંદર પરિણમન પ્રક્રિયા શરૂ કરાવી દે (૩) જે યુગો યુગોથી બંધ થઈ ગઈ છે (૩).

શુભેચ્છક : Kisiko chate ho to Dil se chaho, sirf Zuban se nahi. Agar kisi par Gussa karo to sirf Zuban se karo, Dil se nahi.

અરિહંત......(૨૧)
નમો જિણાણં (૩)
આપની હાજરી વર્તાઈ રહી છે (૩)

બસ આવી અનુકુળતા, આવી હાજરી ૯ દિવસ સતત મને જાળવી રાખે એજ મંગલકામના કરું છું. (૫)

નમો જિણાણં !!!

## પર્યુષણની રજુઆત

જીવનમાં આવા કેટલાય પર્યુષણ આવ્યા અને ચાલ્યા ગયા પણ આપણે ત્યાંના ત્યાં ઉભા છીએ. શા માટે ઉભા છીએ, શું કરવા ઉભા છીએ એની ખબર નથી, આવી તો આપણી દશા છે. લાગે છે બહુ ચાલ્યા પણ ખરેખર ત્યાં જ ઉભા છીએ. પર્યુષણ મહાપર્વનું આયોજન આજ કારણે તો છે.

વ્યવહાર જીવનમાં વર્ષમાં એકવાર વેપારી પોતાના ધંધા માટેની બેલેન્સશીટ કાઢે છે, એ જાણવા માટે કે સરવાળે શું રહ્યું, કારણકે આવક અને જાવક થયા જ કરવાની છે પણ એ થયા બાદ એક સ્ટેજમાં એનો નિષ્કર્ષ શું આવ્યો, ફળશ્રુતિ શું થઈ? એજ રીતે ૧૨ મહિના તો નીકળી ગયા પણ આ ૩૬૦ દિવસમાં મેં શું પ્રાપ્ત કર્યું ?

જીવન આપણું ૧૬૦ માઈલની ગતિ ઉપર દોડી રહ્યું છે, દિશાનું ભાન નથી, શા માટે દોડી રહ્યું છે એની ખબર નથી, શું કરી રહ્યા છીએ, શા માટે કરી રહ્યા છીએ એની શુધ્ધિ નથી. ક્ષણક્ષણની ખુશાલી માટે, સુવિધાઓ માટે તડફડાટ ચાલુ છે, ઝંખના ચાલુ છે. આ આપણા જીવનનો નિષ્કર્ષ છે.

કોઈને પણ પૂછવામાં આવે કે આ બધું શા માટે કરો છો તો જવાબ મળશે બસ આ મેળવવા ! પેલુ મેળવવા !

''આ'' એટલે સુખની, સમૃદ્ધિની, સુવિધાની વસ્તુ મેળવવી.

''આ'' નથી એટલે પ્રાપ્ત કરવી છે.

રસ્તા ઉપર ચાલનાર વ્યક્તિને પૂછશો તો કહેશે કે મારી પાસે રોટી, કપડા, મકાન નથી એની હું દોડમાં છું. જેને એ મળેલું છે એને પૂછો તો એ કહેશે હું ગાડી, બંગલાની દોડમાં છું. જેની પાસે ગાડી બંગલા છે એને પૂછો તો એ કહેશે મારી સત્તા ચારે બાજુ પ્રસરે એની ઝંખનામાં છું, There is no end to it એટલે આનો કોઈ અંત નથી.

## પર્યુષણ એ અજ્ઞાન જીવનની 'બ્રેક'

ભગવાને ૩૬૦ દિવસમાં ૮ દિવસની રજા આપી છે. આઠ દિવસનું વેકેશન લઈ અને પોતાની જાતે ને જો. પર્યુષણ શબ્દનો અર્થ જ એ છે ''મારે મારી સામે જોવું''.

પરી–ઉષણા.

પરી એટલે ચારે બાજુથી ધ્યાન હટાવી, ઉષ્ણા એટલે પોતાની સામે જોવું. પોતાએ પોતાની સામે જોવું એનો અર્થ પર્યુષણ. જ્યાં સુધી પોતાની સામે નહી જુઓ ત્યાં સુધી ઝંખના અને કાર્ય ચાલ્યા જ કરશે. જેમ જેમ કાર્ય થતા જશે, કંઈક કંઈક મેળવતા જઈશું એની સાથે હેરાનગતિનું તકલીફોનું ભાથું મફતમાં આવશે. સૃષ્ટિની રચના આજ રીતની છે. જ્યાં સુધી પોતાની સામે નહીં જુઓ ત્યાં સુધી આ રમત નહીં સમજાય.

## 'પર્યુષણ એ ભગવાન બનવાની મોસમ'
## મનુષ્યમાંથી ભગવાન બનવાનો ઉકેલ.

ભગવાન આપણા જેવા જ હતા.

આપણે એમણે ભગવાન કહીએ અને પોતાની જાતને મનુષ્ય કહીએ.

આ માણસ એક માણસને ભગવાન કહી રહ્યો છે, એ એવા વિશિષ્ટ માણસ છે જેને આપણે ભગવાન કહી રહ્યા છીએ, તો આપણામાં અને એમનામાં ભેદ શું ?

શરીરથી કોઈ ભેદ દેખાય છે !!!

જે પ્રમાણે આપણા શરીરના અંગોપાંગ છે, શરીરની રચના છે એજ પ્રમાણે એમની રચના છે.

એમાં કાંઈ ફરક છે.

નથી.

એમની પાસે જે મન, વચન, કાયાનું સાધન છે એવું જ instrument આપણું છે.

તો એ ભગવાન અને આપણે મનુષ્ય શા માટે ?

મનુષ્યની ત્રણ ખાસિયત આની આપણને ખબર છે..... ?

નથી ખબર......

આની જ ખબર નથી.

જેને આ ત્રણ ખાસિયતો ખબર પડે એ ભગવાન થઈ જાય.

આ ખાસિયત એજ મનુષ્યપણાનું સર્વજ્ઞપણું છે.

આ સર્વજ્ઞ કોણ બની શકે ?

જે આ ત્રણ ખાસિયતોની કિંમત સમજે, એનો ઉપયોગ કરે અને એનો અમલ કરે.

સર્વજ્ઞ એટલે કોઈ પણ તત્વ એના ઉપર હાવી ન થાય, અસર ન કરે.

આપણે બધા જેમ એક હોટલમાંથી બીજી હોટલમાં ખાવા જઈએ પણ ક્યાંય સંતોષ પામતા નથી, કારણ કે સંતોષની પાછળ શું ગોતી રહ્યા છીએ એનું ભાન નથી એટલે સંતોષ થતો નથી.

શીખવું છે તરવાનું તો swimming pool માં ડુબકી માર્યા વગર, ફક્ત પ્રવચનો સાંભળવાથી કાંઈ થવાનું છે !!!

તરવાનું શીખવા પાણીમાં કુદવું પડશે. જે પહેલે દિવસથી કુદી જાય એ જલ્દીથી તરતા શીખી જાય. એને પ્રવચનની પ્રેરણા નથી લેવી, પાણીમાં કુદીને અનુભવ લેવો છે. **(વધુ આવતા અંકે)**

**નમો જિણાણં.**

શુભેચ્છક :

Don't lose head in success & heart in failure.



**૧. ભગવાને વર્ણવેલા છ Scientific Process આપણા જીવનમાં કઈ રીતે ઉપયોગી બને ?**

**જ.** જીવનની અંદર આનંદ અને પરમ આનંદ પ્રગટ કરવા માટે આજથી ૨૬૦૦ વર્ષ પહેલા ભગવાને છ Scientific Process બતાવ્યા છે. એની અંદર સૌથી પહેલા Process નું નામ 'લક્ષ', 'ધ્યેય' નક્કી કરવું. ભગવાને ધ્યેય અને લક્ષ day to day life માટે બહુ સરસ બતાવ્યો છે અને એનું નામ આપ્યું છે 'સામાયિક'. સામાયિક એટલે સુખ અને દુ:ખનું સમત્વ, અથવા ઠંડી અને ગરમીનું સમત્વ. હેરાનગતિ અને વગર હેરાનગતિની અવસ્થાનો center point. આ રીતે ભગવાને એ કાળની અંદર સમતા એ day to day life નું લક્ષ બતાવ્યું, જેનું નામ સામાયિક. જ્યાં સુધી જીવનમાં ગમે એ ક્રિયા કરીએ, કાર્ય કરીએ એનો અર્થ સભર નથી થતો. અને એ અર્થ સભર નથી થતો એટલે જીવનમાં અસંતોષ રહે છે. અસંતોષ રહે છે અને એ સમજાતો નથી આ આપણા જીવનની વાસ્તવિકતા છે. એટલે એની છણાવટ કરવા માટે ભગવાને સૌથી પહેલો process બતાવ્યો છે કે જીવનની અંદર મકસદ ઊભો કરવો. જે આપણા અસ્તિત્વના મક્સદ સાથે જોડાયેલો છે એનું નામ છે સામાયિક. હવે સામાયિકને day to day life માં લાવવી હોય તો કઈ રીતે લાવી શકાય. આજના યુગની અંદર morden life style ની અંદર એ કેવી રીતે લાવી શકાય ?

ભગવાને એના માટે એક જબરજસ્ત મંત્ર આપ્યો છે. આ મંત્ર નહી પણ મહામંત્ર છે. ''મારે નથી થવું હેરાન''. જે મનુષ્ય, જે માણસ, જે ઈન્સાનના જીવનમાં આ લક્ષ ગોઠવાઈ જાય છે અને એ પોતે નક્કી કરે છે 'મારે નથી થવું હેરાન' તો એ માણસ અવશ્ય હેરાન નહી થાય. જો એ લક્ષ પોતે પોતાની મેળે નક્કી કરશે તો, અને પોતા માટે. માણસ એટલો સ્વતંત્ર પ્રાણી છે આ સૃષ્ટિની અંદર કે જે પોતાએ પોતાનું લક્ષ નક્કી કરી શકે છે. અને આ લક્ષ પોતે પોતાનું નક્કી કરી શકે છે એની જ માણસને ભાન નથી હોતી. આ ભાન પહેલા scientific process દ્વારા ઊભુ થાય છે. આ લક્ષને achieve કરવા માટે ભગવાને બીજા પાંચ scientific process બતાવ્યા છે કે સમતાને, સમત્વને કેવી રીતે જીવનમાં પ્રગટ થાય અને કરવું ? એના માટે બીજા પાંચ scientific process બતાવ્યા છે.

પહેલું scientific process છે ચોવીસ તિર્થંકરોની સ્તવના કરવી. તિર્થંકર એ આ સૃષ્ટિની અંદર ચોવીસ થાય છે. Cosmic cycle ની અંદર અર્વસર્પીણી કાળ કહો કે ઉત્સર્પીણી કાળ કહો તેની અંદર ચોવીસ તિર્થંકર જે suprime human beings હોય છે. એ supreme beings ની જ્યારે આપણે સ્તવના કરીએ તો એના જેવા ગુણ આપણામાં પ્રગટ થવાની શરૂઆત થાય. આ એક અદ્દભૂત વિજ્ઞાન છે. સાધારણ જીવનમાં પણ આપ કોઈની તારીફ કરશો, ગુણ પ્રમોદ કરશો તો આપણા દિલની અંદર બહુ સરસ અનુભવ થશે. સારાપણું મહેસૂસ થશે. તિર્થંકરના ગુણોનું સ્તવન કરીએ તો આપણા જીવનમાં શુભ શરૂઆત ''મારે નથી થવું હેરાન'' ગુણપ્રમોદથી જ થાય છે. એટલે સામાયિક પ્રગટ કરવાનો પહેલો process, પહેલું પગથીયું ભગવાને ગુણપ્રમોદ બતાવ્યું. જે આપણા જીવનમાં આવે, જે વ્યક્તિ આવે તેમનો ગુણપ્રમોદ કરવો. સૌથી ઉત્તમ ગુણપ્રમોદ તિર્થંકરોનો. ત્યાર બાદ સંત મહાત્મા, મુનીઓનો, ત્યારબાદ ગુણીજનોનો અને ત્યારબાદ આપણા જીવનમાં જે વ્યક્તિ આવે એનો ગુણપ્રમોદ. આ રીતે બીજો scientific process ટૂંકમાં જણાવું છું.

ત્રીજો scientific process ભગવાને બતાવ્યો 'વંદન' એટલે કે 'નમન'. નમનભાવ એટલે સામેના ગુણીજનો, વ્યક્તિઓ, મહાપુરૂષો એમના ગુણનો સ્વિકાર કરવો, એમના તરફ ઢળવું, એમના ગુણોનું શરણ ગ્રહણ કરવું અને એવા ગુણો આપણા જીવનમાં પ્રગટ થાય એવી ભાવના કરવી. આ ત્રીજો scientific process છે.

ચોથો scientific process ભગવાને બતાવ્યો છે જેનું નામ છે 'પ્રતિક્રમણ'. પ્રતિક્રમણ એટલે ભૂલનો સ્વિકાર. સૌથી પહેલા ભૂલ થઈ છે કે નહી તેની આલોચના એટલે કે રીવ્યુ. ત્યારબાદ જે જે ભૂલ થઈ હોય એનો સ્વિકાર કરવો આ પ્રતિક્રમણનો એક ભાગ છે. આલોચના રીવ્યુ કરવું એટલે જે ભૂલો આપણાથી થઈ હોય સહજરૂપે નિર્દોષ પણે તેનો સ્વિકાર કરવો. આ એક અદ્દભૂત પ્રક્રિયા છે આપણા જીવનની અંદર સમત્વ પ્રગટ કરવાની,

શુભેચ્છક : Beauty & Colour may attract the eye but only a smile appeals to the heart.



સામાયિક પ્રગટ કરવાની, સમતા ઊભી કરવાની, હેરાનગતિમાંથી બચવાની. ૨૬૦૦ વર્ષ પહેલા ભગવાને આ પ્રક્રિયા બતાવી હતી અને સૂચન પણ કર્યું હતું. દિવસમાં એકવાર જો રોજ આ રીતે એક ખૂણામાં શાંતીથી બેસીને આખા દિવસનો આપણે રીવ્યુ કરીએ જે કાંઇ થયુ હોય એ રીવ્યુ કરી, આલોચના કરો જેની સાથે જે પણ કંઇ સારા નરસા અનુભવો થયા હોય તે સર્વેને ચિત્તમાંથી બહાર કાઢી fresh બની જવું. અને આ fresh બનવાની પ્રક્રિયા આજની તારીખમાં વધારે મહત્વની છે. આજના જગતમાં, કારણકે આપણા જીવનના જેટલા પણ tension છે એ બધા ગઈકાલના છે. આજના નથી કારણકે એ આપણે સંગ્રહિત કરી રાખ્યા છે. ગઈકાલના tension આજે સતાવે છે, આજના tension આવતીકાલે સતાવશે અને આવતીકાલના tension, ગઈકાલના tension અને આજના tension એ ત્રણેય મળીને એનાથી આવતીકાલમાં સતાવશે. જો ! આમાંથી મુક્ત થવું હોય, આ બધા tension નો માંથી નીકળવા ભગવાને આ ચોથો process બતાવ્યો છે, જે અદ્દભૂત છે (ચિત્ત શુધ્ધિ / ચિત્ત સ્નાન).

ચિત્ત સ્નાનનો process એનું નામ છે 'પ્રતિક્રમણ'. પ્રતિક્રમણ એટલે રીવ્યુ કરી જેની સાથે અનુકૂળ-પ્રતિકૂળ જે કોઈ પણ અનુભવ આપણે સંગ્રહિત કર્યા હોય, લાગણીઓ સંગ્રહિત કરી હોય તેનું વિસર્જન કરવું એનું નામ છે પ્રતિક્રમણ. આ વિસર્જન કરવા માટે ભગવાને એક પાંચમો process બતાવ્યો છે જેનું નામ છે ધ્યાન. ''ધ્યાન'' એટલે ''મારે નથી થવું હેરાન'' એની અંદર મગ્ન બની જવું, એકલીન બની જવું, તલ્લીન બની જવું. તલ્લીન બનવા માટે એક અભ્યાસક્રમની જરૂરત છે. અભ્યાસ માટે રોજ આપણા જીવનની અંદર વીસ મીનીટ, અડધો કલાક કે પોણો કલાક જેવી અનુકૂળતા હોય એ પ્રમાણે એમ ભગવાનની આજ્ઞા છે કે એક સ્થાનમાં બેસવું અને તલ્લીન થઈ જવું. એક મસ્તીનો આનંદ માણવો. ગઈકાલના અને વર્તમાનના દિવસોને ભૂલી જવા માટે આ એક અંદરનો આનંદ પ્રગટ કરવા માટે ધ્યાનની પ્રક્રિયા બતાવી. ધ્યાન એ બીજું કાંઈ નથી પણ આપણા જીવનની જે ઘટનાઓ છે તેને જોઈ અને એ ઘટનાઓના જે કોઈ પણ સંસ્મરણો છે તે સંસ્મરણોમાંથી મુક્ત થઈ જવું એનું નામ છે ધ્યાન. જો આ પ્રક્રિયા આપણા day to day life માં morden world માં કરતા આવડી જાય તો અદ્દભૂત આનંદ આપણા જીવનમાં પ્રગટી જશે. ચાહે તમે ગમે એ position માં નોકરી કે ધંધો કરતા હો, ઘરમાં હો, સમાજમાં ગમે એ position હોય બધામાંથી મુક્તિ અને મુક્ત આનંદનો અનુભવ કરવો હોય, મુક્ત આનંદ બનવું હોય તો આ ધ્યાન is the best process.

ભગવાને જે રીતે બતાવ્યું છે તે રીતે સંભવ છે અને આ ચોવીસે કલાક સંભવ છે એ એની ખાસ beauty છે. ચોવીસે કલાક આ ધ્યાનમાં રહેશું તો ભગવાનના માર્ગ પ્રમાણે કે ''મારે નથી થવું હેરાન'' તો આ સૌથી મોટું ધ્યાન છે અને ધ્યાનમાં જો લીન બની જઈશું, તલ્લીન બની જઈશું હર ક્ષણમાં તો અવશ્ય જેને આપણે મુક્તિ કે મોક્ષ કહીએ છીએ અત્યારે ને હમણાં એનો અનુભવ કરી શકવાની સંભાવના છે. પાંચમાં આરામાં પણ આ સો એ સો ટકા સંભવ છે. એમ ભગવાનનો આ પાંચમો scientific process બતાવે છે.

છેલ્લો scientific બતાવે છે એનું નામ છે ''પ્રત્યાખ્યાન'' એટલે કે ગઈકાલની ભૂલ, આજની ભૂલ અને આવવાવાળી ભૂલ હું નહી કરું અને એમાંથી હું મુક્ત રહીશ એવો નિર્ણય કરવો.

**૨. જિનમાર્ગની અંદર ભક્તિનું સ્વરૂપ શું છે ?**

જ. જિનમાર્ગ એ ખરેખર જ્ઞાનમાર્ગ છે. વર્ષોથી તિર્થંકર પરમાત્માની હાજરી જ્ઞાનમાર્ગ તરીકે સમજાતો આવ્યો છે. જ્ઞાનની અંદર ભક્તિ automatically કેવી રીતે જોડાયેલી છે એ આપણે જોઈશું. અને એ ભક્તિ આપણી day to day life માં કેવી રીતે જોડાયેલો છે એ જોઈશું. જ્ઞાનમાર્ગની અંદર એટલે કે તિર્થંકર પરમાત્માની વાણીની અંદર ભક્તિ કેવી રીતે incorporate થઈ છે એ આ રીતે છે. તિર્થંકર પરમાત્માનો માર્ગ શાશ્વત માર્ગ છે અને એ શાશ્વત માર્ગની અંદર શાશ્વત મંત્ર છે. અને એ શાશ્વત મંત્રનું નામ છે 'નમસ્કાર મહામંત્ર'. નમસ્કાર મહામંત્ર એ મહામંત્રનું વજૂદ ધરાવે છે તેનું મૂળ કારણ જ મંત્ર ની શરૂઆત છે 'નમો'

**શુભેચ્છક : Whenever you feel that you failed, say these words "I AM NOT FAILED, MY SUCCESS JUST POSTPONED".**



શબ્દથી અને આ નમો શબ્દ એજ ભક્તિનું સ્વરૂપ છે. એટલે તિર્થંકર પરમાત્માનો માર્ગ જ્ઞાનમાર્ગ હોવા છતા એની શરૂઆત 'નમો'થી શરૂ થાય છે. એટલે કે વિનયભાવથી શરૂ થાય છે. અને વિનયભાવ એ તિર્થંકરની અંતિમ વાણીની અંદર, તિર્થંકર પરમાત્મા છેલ્લી ઘડીઓની અંદર જતા જતા સૌથી પહેલું અને મહત્વનું કામ આધ્યાત્મની અંદર આવવા માટે તિર્થંકર પરમાત્માએ વિનયનો વિકાસ કીધું છે. વિનય અને વિનયનો વિકાસ એજ ભક્તિનું સ્વરૂપ છે. બીજી રીતે તિર્થંકર પરમાત્માએ તપનો માર્ગ બતાવ્યો છે. જ્ઞાન તપનો માર્ગ અને જ્ઞાન તપના માર્ગની અંદર જ્યારે અભ્યંતર તપની વાત કરીએ છીએ ત્યાં પણ સૌથી પહેલો વિનય છે. વિનય વગર કોઈપણ process ની શરૂઆત થતી જ નથી. અને આ વિનય એજ તિર્થંકરના માર્ગની અંદર ભક્તિનું સ્વરૂપ છે. આ રીતે આપણે ત્રણ રીતે ભક્તિનું સ્વરૂપ જિનમાર્ગની અંદર કઈ રીતે આવે છે એ જોયું. ચોથી રીતે ભગવાને લક્ષ પ્રાપ્ત કરવા માટે કેવલ્ય પ્રગટ કરવા માટે છ આવશ્યક બતાવ્યા છે. એની અંદર પહેલું આવશ્યક એ સામાયિક આવશ્યક કીધું છે. એટલે કે લક્ષ સામાયિક એ લક્ષ છે વિતરાગતા પ્રગટ કરવાનું લક્ષ છે પણ, વિતરાગતા કેવી રીતે પ્રગટ થાય તો એના માટે ભગવાને બીજુ આવશ્યક બતાવ્યું એનું નામ છે 'ચોવીસ તિર્થંકરોની સ્તવના'. ચોવીસ તિર્થંકરોની સ્તવના એજ ભક્તિનું સ્વરૂપ છે. આ રીતે તિર્થંકર પરમાત્મા, જિન પરમાત્માના માર્ગની અંદર ભક્તિ એ પ્રથમ પગથીયાનું સોપાન છે, શરૂઆત છે અને ભક્તિ વગર જીવન સંભવ જ નથી. જીવનની અંદર કંઈપણ પ્રાપ્ત કરવું છે તો એના માટે પ્રથમ ભક્તિથીજ શરૂઆત થાય છે. ચાલો હવે આપણે આપણી life માં જોઈએ કે આ ભક્તિ કેવી રીતે થાય છે? ભક્તિ એટલે નમન, શરણ, સમર્પણ અને આત્મસમર્પણ. આ રીતે તિર્થંકર પરમાત્માના માર્ગની અંદર ચાર step ની અંદર ભક્તિનું સ્વરૂપ સમજાવ્યું છે. જ્યાં સુધી આપણને કાંઈ પણ જે પ્રાપ્ત કરવું છે, જે કોઈપણ વ્યક્તિ પાસેથી એ વ્યક્તિને આપણે એનો સ્વિકાર, એના ગુણના સ્વિકાર નથી કરતા એટલે કે નમન નથી કરતા ત્યાં સુધી આપણી અંદર એની પાસેથી જે પ્રાપ્ત કરવાનું છે એ મળવું નામુમકીન, અસંભવ, impossible છે. એ આપણી life માં આપણે તપાસી શકીએ છીએ. અને જે ક્ષણેથી આપણે સામેવાળા વ્યક્તિને, જીવને નમનથી આપણો વ્યવહાર શરૂ કરશું તો automatic એ આપણી તરફ ઢળવાની શરૂઆત થાય છે. અને આપણને જે કાંઈપણ એ વ્યક્તિ પાસેથી પ્રાપ્ત કરવું છે એ મળવાની સંભાવનાઓ વધતી જાય છે. એટલે તિર્થંકર પરમાત્માએ આ જગતની અંદર જે કાંઈપણ પ્રાપ્ત કરવું છે આધ્યાત્મના માર્ગ હોય ચાહે personal life નો માર્ગ હોય, ચાહે આપણા ધંધાનો હોય, નોકરીનો હોય, કંઈપણ શીખવાનો હોય. કાંઈપણ પ્રાપ્તિ જો કરવી હોય આ સૃષ્ટિની અંદર નમન સિવાય એ સંભવ નથી. અને નમન એજ તિર્થંકર પરમાત્માના માર્ગની અંદર પ્રથમ સોપાન છે – ભક્તિ. નમનનું સ્વરૂપ શું છે? નમન એટલે સામેવાળા વ્યક્તિની અંદર ગુણ છે અને એ ગુણનો સ્વિકાર કરવો એનું નામ છે નમન. બીજો step છે શરણ. એટલે કે જ્યારે આપણને અહોભાવ પ્રગટ થાય છે એ વ્યક્તિ પ્રત્યે અને ત્યારબાદ આપણે એને સાંભળવાનું શરૂ કરીએ છીએ, એની વાતોને સાંભળવાનું શરૂ કરીએ છીએ એનું નામ છે શરણ. ત્યારબાદ ત્રીજા પગથીયે એ સાંભળીને એ જે કહે છે એનો અમલ કરવાની શરૂઆત કરીએ છીએ એનું નામ છે 'સમર્પણ'. એટલે આ ત્રણ પગથીયા રૂપે તિર્થંકર પરમાત્માનો માર્ગ આપણી અંદર day to day life ની અંદર કાંઈપણ પ્રાપ્ત કરવું હોય, કાંઈપણ જો ન મળતું હોય અને જે વ્યક્તિ આ ત્રણ પગથીયા પોતાના જીવનમાં અમલ કરે છે એ જિનમાર્ગની ભક્તિ સ્વરૂપ છે. તો એ અવશ્ય સો ટકા સફળ થયા વગર રહેવાનો નથી. ગમે એ ક્ષેત્ર હોય શારિરીક હોય, માનસિક હોય, માનસિક ત્રાસથી મુક્તિ હોય, શારિરીક ત્રાસથી મુક્તિ હોય, અર્થ પ્રાપ્તિ હોય, પરીવારની અંદર સુમેળ જોઈતો હોય, સમાજની અંદર નામના જોઈતી હોય બધાજ માટે આ જ ગોઠવણ છે. અને જે આને અનુસરે છે એના જીવનની અંદર આ success automatically પ્રગટ થઈ જાય છે. એને એના માટે ફાફા મારવા પડતા નથી. આ છે જિનમાર્ગની અંદર practical ભક્તિનું સ્વરૂપ.

■

શુભેચ્છક : Whenever you feel that you failed, say these words "I AM NOT FAILED, MY SUCCESS JUST POSTPONED".

पूरे विश्वमे आनंद भावना/मंगल भावना वाले ९ वर्षमे कम से कम ९ लाख परिवार बनाना (अंदाज 4-5 करोड लोगो का परिवार)

## परम आनंद सत्संग परिवार द्वारा

**Community Centres having these facilities in one campus :**

1) Divine युनिवर्सिटि, Schools and colleges की स्थापना. आनंद संस्कार के साथ आधुनिक शिक्षण (शिक्षा - साधना - सर्मपण भक्ति का संगम)

2) Divine साधना केंद्रो, आवास और निर्सग आनंद Resort का त्रिवणी संगम.

3) Divine चिकित्सालय (Dispensaries and Hospitals)

4) **Divine Multi-Discipline Counselling Centres**
★ Child Counselling
★ Educational Counselling
★ Vocation Counselling
★ Career Counselling
★ Marriage Counselling
★ Health Counselling
★ Wealth Counselling
★ Life Counselling
★ Job Counselling
★ Business Counselling
★ Relationship Counselling
★ Medical Counselling
★ Fine Arts Counselling
★ Community Counselling
★ Country Management Counselling
★ Village Management Counselling
★ Finance Counselling
★ Enterpreneur Counselling
★ District Management Counselling
★ State Management Counselling
★ Counseller Counselling

**5) Divine Lifestyle Awareness Shibir (Sectorwise)**

**I) Arogya Sevaks**
a) Doctors
b) Paramedics
c) Alternative Therapists
d) Medicine Industries

**II) Shikshan Sevaks**
a) Teachers
b) Tutors
c) Coaches and counsellors
d) Professors and lecturers
e) Principals
f) Education Administrators and Trustees

**III) Anna Sevaks**
a) Kisan and Kamgars
b) Wholesalers and Retailers
c) Food Industries
d) Provision and FMCG Industries

**IV) Rajya Sevaks**
a) Grass root political workers & nagar sevaks
b) Panchayats and Councillors
c) MLA's and MP's
d) State and National ministers

**V) Rajya Vyavastha Sevaks**

**a) Administrative Beaurocrats Machinery**
1) Village Level
2) District Level
3) City Level
4) Town Level
5) State Level
6) National Level
7) International Level

**b) Legal System**
1) Tax Implementary
2) Judiciary System
3) Police System
4) Jail System

**c) Country Protectors**
1) Military
2) Army, Navy and Air force
3) RAF, NSG, State force
4) International Forces
5) National Force and Secret Forces

**VI) Sarjan Sevaks**
a) Engineers (all types)

શુભેચ્છક : **Kinare pe bethne vale ki naiya kabhi par nahi hoti, koshish karne valo ki kabhi har nahi hoti.**

b) Scientists (all types)
c) Technicians (all types)
d) Production Work Force
e) Manufacturer Sector

**VII) Advocates and Account Auditors**

**VIII) Industry and Trade Sevaks**
1) Leaders and Promoters
2) Wholesalers and Distributors
3) Market Leaders Of Each Market
4) Their Accessory Channels and Vyapari Varg of Different Markets

**IX) Sadhu/Sadhvi Samagam**

**X) Param Sukh Sevaks**

**XI) Param Sukh Pravartaks**

**XII)**

**પરિવારના દરેક સદસ્ય માટે Practical workshops.**

a) Part I – 9 session
b) Part II – 12 session
c) Child-Parent shibir 5 sessions (Age group) 6 - 13 yrs, 14 - 19yrs, 20 - 27 yrs.
d) Elder's Shibir (Age group) 51& above.

## પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર દ્વારા વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિઓ

**નવકાર મહામંત્ર યોગનું વિજ્ઞાન આખા વિશ્વના સર્વ મનુષ્ય સુધી પહોચાડવું**
**ધર્મ, સંપ્રદાય, પંથ અને જ્ઞાતિથી પર, નવા યુગનો નવો યોગ.**

★ જન જાગૃતિ માટે નવકાર મંત્રની divine life style yoga શિબીરોનું આયોજન.
★ "સહજ નમસ્કાર મહામંત્ર યોગ" ના પ્રેક્ટિકલ વર્કશોપ.
  Part - 1 : 9 session (વર્ષમાં બે વાર) ૪ સેન્ટર
  Part - 2 : 12 session (વર્ષમાં એક વાર) ૪ સેન્ટર
★ Scientific બીન સાંપ્રદાયિક પર્યુષણ અનુભવમાળા. ૮/૯ દિવસનું આયોજન (દર વર્ષે)
★ મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે હોસ્પિટલ અને આશ્રમોમાં સાધર્મિક ભક્તિ.
★ નિર્દોષ આનંદ ઉત્સવની પાર્ટી (વર્ષમાં ૨/૩ વાર)
★ "નમો જિણાણં" પરમ સુખ જીવન વિકાસ કેન્દ્રની ત્રિમાસિક પત્રિકા.
★ નિસર્ગ આનંદ picnic નું આયોજન. (નવલ વિરાયતન)
★ Divine life style yoga Child-parent shibir. (for 3 Age groups) 6 - 13 yrs, 14 - 19 yrs, 20 - 27 yrs solving problems of child-parent relationship.
★ Divine life style yoga 51 - Second innings (for 51 years & above) ને સફળ અને સાર્થક બનાવવા માટેની શીબીર.
★ શરીર ઔચિત્ય યોગ (Part - 1A) શિબીરનું આયોજન.
★ અખાત્રીજના દિવસે મહા સત્સંગ તથા ભક્તિ સંધ્યાનું આયોજન.
★ સિધ્ધાચલ તીર્થે સાધુ-સાધ્વી ભગવંતનોની નવકાર સાધના શિબીરનું આયોજન.
★ સારા અને શુભ પ્રસંગે : જન્મ મહોત્સવ, ભક્તિ સંધ્યા, સત્સંગ, જાપ વગેરેનું આયોજન.
★ નરસા અથવા શોક પ્રસંગે : પ્રાર્થના સભાનું આયોજન.
★ આપના સંઘમાં, સમાજમાં, ગ્રુપમાં, આવી શિબીરો/પ્રવૃત્તિઓનું આયોજન કરવું હોય તો નીચે બતાવેલ નામ/નંબર પર સંપર્ક કરવો.

| | | |
|---|---|---|
| ચૈનીકા શાહ - 9833283911 | હર્ષા કંપાણી - 9821313813 | ડિમ્પલ શાહ - 9833133266 |
| નેમજી શાહ - 9322511547 | નીતીન બુરિચા - 9869052507 | અલ્પેશ શાહ - 9820212816 |

**આયોજક : પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર, મુંબઈ**

શુભેચ્છક :

**Personality can open door, but only character can keep them open.**

# નમો જિણાણં

## ગીફ્ટ/પ્રભાવના તથા પોતા અને પરિવાર માટે, જીવન ઉપયોગી live programmes નું audio/video CD collections

### સંગીત સુરાવલી : Audio MP3 CD's (દરેક CD રૂ. ૧૦૦/- નું ડોનેશન આપી મળશે.)

- સ્તુતી વૈભવ (હિન્દી)
- નવકાર મંત્ર યોગ (હિન્દી)
- ભક્તિ સંધ્યા (૨૦૦૭)
- ભક્તિ સંધ્યા (૨૦૦૮)
- ભક્તિ સંધ્યા (૨૦૦૯)
- Anniversary ભક્તિ સંધ્યા
- પ્રાર્થના સભા

- મોબાઈલ પ્રતિક્રમણ (હિન્દી)
- Mobile Pratikraman (Eng.)
- મોબાઈલ પ્રતિક્રમણ (ગુજરાતી)
- મોબાઈલ દેવનંદન
- મુર્તિપૂજાના રહસ્ય
- અરિહંત વંદનાવલી
- તિર્થંકર વંદનાવલી
- સ્તુતી વંદના

- વિઘ્નહર્તા પંચ સ્મરણ (હિન્દી)
- વિઘ્નહર્તા પંચ સ્મરણ (ગુજરાતી)
- Continous ગુરૂ સ્તુતી
- Continous નવકાર મંત્ર જાપ
- Continous પ્રભુકૃપા તથા નમો જીણાણં ધુન
- ભાવવાહી સ્તુતી (૨૦૦૭)
- ભાવવાહી સ્તુતી (૨૦૦૯)

### પ્રવચનોની Audio MP3 CD ⬅ પર્યુષણ અનુભવમાળા ➡ Video DVD Set (25 DVD's)

- પર્યુષણનો ઇતિહાસ
- ૬ સાયન્ટીફીક પ્રોસેસ
- તપ સ્વરૂપ • મંત્ર સ્વરૂપ
- જગત સ્વરૂપ
- ભક્તિ સ્વરૂપ-૧, ૨
- તત્વ સ્વરૂપ-૧,૨,૩,૪

ઉપર બતાવેલ દરેક વિષયની Audio MP3 CD-રૂ. ૧૦૦/- નું ડોનેશન આપી મળશે.

- પર્યુષણ અનુ. ૨૦૦૭:રૂ.૧૦૦૦/-
- પર્યુષણ અનુ. ૨૦૦૮:રૂ.૧૦૦૦/-

ઉપર બતાવેલ ડોનેશન આપી સંપુર્ણ પર્યુષણ ૮૦ કલાકની (Audio MP3 CD)SET મળશે.

- પર્યુષણ અનુ. ૨૦૦૭ : રૂ. ૪૦૦૦/-
- પર્યુષણ અનુ. ૨૦૦૮ : રૂ. ૪૦૦૦/-
- પર્યુષણ અનુ. ૨૦૦૯ : રૂ. ૪૦૦૦/-
- પર્યુષણ અનુ. ૨૦૧૦ : રૂ. ૪૦૦૦/-

ઉપર બતાવેલ ડોનેશન આપી સંપુર્ણ પર્યુષણ Video DVD (25 DVD's)નું સેટ મળશે.

### શિબીરોની Audio MP3 CD's

| | શિબીરાથી | અન્ય લોકો |
|---|---|---|
| • નવકાર મહામંત્ર યોગ Part-1 : હિન્દી | ૩૦૦ | ૬૦૦ |
| • નવકાર મહામંત્ર યોગ Part-1 (૪ સેન્ટર) : ગુજરાતી | ૪૦૦ | ૬૦૦ |
| • નવકાર મહામંત્ર યોગ Part-2 (૨ સેન્ટર) : ગુજરાતી | ૩૦૦ | - |
| • સાધુ-સાધ્વી શિબીર Part-1 : ગુજરાતી | ૩૦૦ | ૬૦૦ |
| • Divine life style yoga child - Parent Shibir (age group 6-13 yrs & 14-19yrs) | ૪૦૦ | ૬૦૦ |
| • નવકાર શિબીર Part-1 KIT | ૧૪૦૦ | ૧૪૦૦ |

- મંગલ-મૈત્રી (Part-1 ની પ્રક્રિયા): રૂ.૩૦૦/- Audio CD
- મંગલ-મૈત્રી (Part-2 ની પ્રક્રિયા): રૂ.૩૦૦/- Audio CD
- શરીર-મૈત્રી /પ્રાણ-મૈત્રી (Part-1A): રૂ. ૪૦૦/- 3 Video DVD Set

### સિધ્ધાચલ નવકાર સાધના શિબીર

- સિધ્ધાચલ ભક્તિ સંધ્યા (Vol-1) : રૂ. ૧૦૦/- Audio MP3
- સિધ્ધાચલ ભક્તિ સંધ્યા (Vol-2) : રૂ. ૧૦૦/- Audio MP3
- સિધ્ધાચલ સત્સંગ : રૂ. ૧૦૦/- Audio MP3

- સિધ્ધાચલ પર્વત યાત્રા : રૂ. ૨૦૦/- 1 Video DVD
- સિધ્ધાચલ તીર્થે સાધુ-સાધ્વી ભગવંતોની સાધના શિબીર : રૂ. ૧૨૦૦/- 8 Video DVD
- સિધ્ધાચલ તીર્થે સત્સંગ/ભક્તિગીત : રૂ. ૯૦૦/- 9 Video DVD

### ખાસ નોંધ :

ઉપર બતાવેલ Audio/Video તમને પોસ્ટ દ્વારા મંગાવવું હોય અથવા બહારગામ મોકલવું હોય તો કુરિયર દ્વારા મોકલી આપશું.
કુરિયર ચાર્જ Min : રૂ. ૧૦૦/- વધારાના આપવાના રહેશે.

### પ્રાપ્તિ માટે સંપર્ક :

હેમલતા શાહ - 9322991036 ડિમ્પલ શાહ - 9833133266 આશીષ શાહ - 9322235233
હર્ષા કંપાણી - 9821313813 નીતીન બુરિયા - 9869052507 અલ્પેશ શાહ - 9820212816

## આયોજક : પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર

શુભેચ્છક : Nobody walks with us till d end of life. So don't wait 4 anybody's company to start anything.